R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

## CDO PRAKASH SAMIKSHA

Since 1925... (Gujarati & English Bilingual) FORTNIGHTLY સળંગ વર્ષ ૯૬મું

VOLUME : 01 • ISSUE : 07 • PAGES : 32 • MUMBAI • DATE : 5TH FEBRUARY 2021

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-



With Best Compliments from:

**MICROFINISH**

**Pumps • Valves • Automation**




## MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

# મંજલ રેલડિયા ૧૩૯મો ધજા મહોત્સવ



## શુક્રવાર, તા. ૨૧ મે અને
## શનિવાર, તા. ૨૨ મે ૨૦૨૧

શ્રી આદેશ્વરજી મહારાજ જૈન દેરાસરનો
૧૩૯ મો ધજામહોત્સવ
તાજેતરની પરિસ્થિતી અને
સરકારી નિયમોનુસાર ઉજવાશે.

**અઢાર અભિષેક તેમજ**
**ધજા ચડાવવાનો લ્હાવો લેવા વિનંતી.**

## સંભવતઃ આ પ્રાચીન દેરાસરની અંતિમ ધજા હોવાની શક્યતા છે.



**અભિષેક કુલ્લ પંદર (૧૫) નકરો**
**રૂા. ૧૦૦૦/ દરેકના**
**અભિષેક : એક - નવ અને અઢારની ઉછામણી**

**વાર્ષિક ચડાવા : કુલ્લે સાત (૭) ઉછામણી**
પક્ષાલ-કેસરચંદન-પૂષ્પ-દિપક-ધૂપ-અંગલૂછણા-વાસક્ષેપ

**૧૩૯મી ધજા ચડાવવાની ઉછામણી**
**રૂા.૫૧,૦૦૦/- થી શરૂ....**

**સાધર્મિક ભક્તિ : બે દિવસ લાભ લેવા વિનંતી.**



નવકારશી .......રૂા. ૫,૫૦૦/- પ્રત્યેક દિવસ
બપોરનું જમણ..રૂા. ૪૫,૦૦૦/- પ્રત્યેક દિવસ
ચાય - કોફી.....રૂા. ૩,૫૦૦/- પ્રત્યેક દિવસ
ચોવિહાર........રૂા. ૨૫,૦૦૦/- પ્રત્યેક દિવસ
આખા દિવસનો નકરો રૂા. ૭૫,૦૦૦/- પૂરા

પ્રથમ આરતી / મંગળદિવો / ચંદ્ર - સૂર્ય દર્શન, શાંતિકળશ
ઈત્યાદીની ઉછામણી સ્થાનિકે કરવામાં આવશે.

**ઉછામણી / નકરો લખાવવા સંપર્ક**

| | |
|---|---|
| લક્ષ્મીચંદ પાસુભાઇ ગોસર<br>૯૮૨૦૩ ૫૨૩૯૧ | હુકમચંદ જવેરચંદ ધરમશી<br>૯૭૦૨૦ ૩૬૩૩૦ |
| રાજેશ કલ્યાણજી વોરા<br>૯૮૨૦૫ ૫૨૩૧૦ | સોમચંદ વિશનજી ધરમશી<br>૯૭૨૬૭ ૭૬૬૨૭ |

**ઉછામણી / નકરો લખાવવાની છેલ્લી તારીખ : ૨૮-૨-૨૦૨૧**
તા. ક. : જેમની ઉછામણી / નકરો વધુ હશે તેમને આદેશ આપવામાં આવશે.

અંતિમ ધજાના લાભાર્થીનું નામ તક્તી પર લખવામાં આવશે.
આપણી નિયાણી બહેનોને પણ આમંત્રણની જાણ કરી પધારવા વિનંતી કરશો.

**સાદર આમંત્રણ**

| પ્રમુખ | મેનેજીંગ ટ્રસ્ટી |
|---|---|
| શ્રી મંજલ રેલડીયા અચલગચ્છ જૈન સંઘ | શ્રી આદેશ્વરજી મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ |

BINITA S. MARU - 9869034162

# ભાવભરી શ્રદ્ધાંજલિ



જન્મ
૧૭.૬.૧૯૩૪

સ્વર્ગવાસ
૨૨.૧.૨૦૨૧

## સ્વ. હીરાવંતીબેન ખેતશી દંડ

**(ઉંમર - ૮૬ વર્ષ)**

*ધુપસળી જેવું જીવન જીવી ગયા... ચોમેર સુગંધ પ્રસરાવી ગયા...*

પરિવાર પ્રત્યે પ્રેમ રાખી ધર્મમય વારસાનું સિંચન કર્યું,
પરિવારને પ્રેમ તાંતણે બાંધ્યા.
કુટુંબ વાત્સલ્ય, પરમમાં શ્રદ્ધા, સર્વ પ્રત્યે પ્રેમ, દયા,
કરુણા અને બીજાને કાજે કંઈક કરી છૂટવાની આપની
ઉદાર ભાવના અમને પ્રેરણા આપ્યા કરશે...
અમને ગર્વ છે આપના પરિવાર હોવાનો

**શોકાતુર**

| | |
|---|---|
| પતિ | : સ્વ. ખેતશી દેવશી દંડ |
| પુત્રી/જમાઈ | : અ. સૌ. દક્ષા મુકેશ મૈશરી |
| દોહિત્ર વહુ / દોહિત્ર | : અ. સૌ. કૃપાલી પ્રિયાંક મૈશરી |
| દોહિત્રી/દોહિત્રી વર | : અ.સૌ. ખુશ્બુ રોમલ શાહ |
| પર દોહિત્રી | : ચિ. પહેલ, ચિ. દિયારા |
| જેઠાણી /જેઠ | : સ્વ. જમકુબાઈ મેઘજી દંડ |
| દેરાણી/દેર | : સ્વ. દમયંતી હંસરાજ દંડ |
| નણદોઈ/નણંદ | : સ્વ.ભચીબાઈ દેવજી દામજી છેડા |
| ભાભી/ભાઈ | : ગં. સ્વ. લીલાવંતી તિલકચંદ નાગડા |
| | અ. સૌ. કાશ્મીરા રજનીકાંત નાગડા |
| બહેન/બનેવી | : સ્વ. લક્ષ્મીબાઈ નારાણજી ધરમશી |
| | અ.સૌ. કુસુમ રમેશ મોમાયા |
| | અ. સૌ. જયોતિ હિરાલાલ લોડાયા |
| | ગં. સ્વ. ભારતી વિરેન્દ્ર ગોસર |

**: શ્રદ્ધાસુમન :**

**માતુશ્રી કમલબાઈ દેવશી નાથા દંડ પરિવાર**
**માતુશ્રી લક્ષ્મીબાઇ રતનશી ભોજરાજ નાગડા પરિવાર**
**અ. સૌ. દક્ષા મુકેશ દામજી મૈશરી પરિવાર**

# ખોના પરિવાર તથા જખૌ ગામનું ગૌરવ

પરમેશ્વર ની કૃપા, ગુરૂ દેવોના આશીર્વાદ, સરસ્વતી માં ની મહેર,
અને વડીલો ની શુભ પ્રેરણા અને આશિષ થી અમારી લાડલી

## ચિ. સરલ



એ વ્હેવારિક ભણતર મા
**M.B.A IN FINANCE 81.2 % સાથે**
ઉતીરણ થઇ ને
પરિવાર નું નામ ઝળહળિત કર્યુ છે.
આ સફળતા માટે તેને હૃદય પૂર્વક અભિનંદન
તથા
ભવિષ્ય મા આવનાર જીવન ના દરેક પરિક્ષા મા
ઉતીર્ણીય રિતે આગળ વધે એજ હમારા હૃદયાર્શિવાદ.

જખૌ ના હાલે ગંજબાસૌદા
માતા પિતા - અ. સૌ. કવિતા જિતેશ ખોના
દાદી દાદા - માતૃશ્રી પુષ્પાબેન મોતીચંદ ખોના
તેરા ના
નાની નાના - માતૃશ્રી સ્વ. લક્ષ્મીબેન તથા
સ્વ. ધનજીભાઇ લોડાયા
જખૌ ના હાલે મુલુંડ (મુંબઇ) ના
કાકી કાકા - અ. સૌ. નીતા મુકેશ ખોના



શ્રી મુંબઈ ક. દ. ઓ. મહાજન તથા શ્રી અનંતનાથજી ટ્રસ્ટ દ્વારા આયોજિત જ્ઞાનસત્રની પૂર્ણાહુતી તા. ૩૧.૦૧.૨૧ ના ઐરોલી મુકામે પ. પૂ. અચલગચ્છનાયક આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગર સૂરિશ્વરજી મ.સા. ની શુભ નિશ્રામાં સર્વે સંઘો,મહાજનો અને અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ જૈન સંઘના પદાધિકારીઓની હાજરીમાં બહુ જ સરસ રીતે થઈ.



શ્રી વિમલનાથ ભક્તિ ગ્રુપ, વડોદરા દ્વારા કચ્છ અબડાસાની મોટી પંચતિર્થીમાં સાંધાણ તીર્થ ખાતે વિવિધ ઔષધિઓ દ્વારા શ્રી સ્નાત્ર મહોત્સવનું તથા પરમાત્માનું અભિષેક સંપન્ન કરાયેલ. મુંબઈ તેમજ દેશાવરથી ગામ વાસીઓ સારી સંખ્યામાં પધારેલ



તંત્રી સ્થાનેથી

# કેડીઓ કલાસીક ફાઉન્ડેશન



- ડૉ. હીરાચંદ દંડ - 7738508150

ખૂબ જ શાંતિપૂર્વક જ્ઞાતિજનોના ઉત્કર્ષ માટે કાર્યરત અનેક સંસ્થાઓથી આપણા જ્ઞાતિજનો લાભાન્વિત છે. આજે હું એવી જ એક સંસ્થા, કેડીઓ કલાસીક ફાઉન્ડેશન વિશે વાત કરવા માંગું છું. આ સંસ્થા મુંબઈ અને કચ્છમાં વસતા જ્ઞાતિજનો માટે ઈ. સ. ૧૯૯૮ થી ચૂપચાપ કાર્ય કરી રહી છે. ઈ. સ. ૧૯૯૮ માં, કેડીઓ કલાસીક સમાજ ઉત્કર્ષ નિધિ નામે સ્થાપિત આ સંસ્થાનું ઈ. સ. ૨૦૧૬ માં નૂતન નામકરણ થયું છે.

કેડીઓ કલાસીક ફાઉન્ડેશનના સંસ્થાપક શ્રી શાંતિલાલ મુલજી શિયાલ (શાહ) - જખૌ (ઈંદોર) અને શ્રી મણિકાંત હિરજી ધુલ્લા-જખૌ (મુલુંડ) છે અને કોઈપણ અન્ય કેડીઓ સંસ્થાની સાથે સ્પર્ધા વિના અન્ય જ્ઞાતિ સંસ્થાઓ જે કાર્ય કરી રહી હતી તે સિવાયની પ્રવૃતિઓ જેમ કે આરોગ્યલક્ષી કાર્ય કરવાની શરૂઆત કરી. સાયન હોસ્પિટલના તત્કાલિન ડીન તથા અન્ય ડૉક્ટર્સ સાથે વિચાર વિમર્શ કરી, માનવશરીરના મહત્વના અંગ એવી આંખની સારવાર ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું.

સંસ્થાના સ્થાપક સભ્યોએ આપેલા રૂા. 30000/- ની સહાયથી તા. ૧૨ એપ્રિલ ૧૯૯૮ ના ડોંબિવલી ખાતે ચક્ષુ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. અને અત્યાર સુધી ઉચ્ચ ટેકનોલોજી સાથે તજ્ઞ ડૉક્ટર્સ દ્વારા ૧૨૦૦ થી વધુ આંખના ઑપરેશન થઈ ચુક્યા છે. ઈ.સ. ૨૦૦૭ થી ઈ.એન.ટી. દર્દીઓની સારવાર શરૂ કરવામાં આવી જેમાં અત્યાર સુધી ૨૦૦થી વધુ જ્ઞાતિજનોને કાનના મશીન આપવામાં આવ્યા છે તથા ત્રણ ખૂબ મોટા ઑપરેશન કરવામાં આવ્યા છે. ઈ. સ. ૨૦૧૫ થી તારાચંદ બાપા હોસ્પિટલ બંધ થઈ જવાના કારણે ઈ.એન.ટી. દર્દીઓની સારવાર બંધ કરવામાં આવી છે. તારાચંદ હોસ્પિટલે સંસ્થાના આ સેવાના કાર્યમાં ખૂબ જ ઉમદા ટેકો આપ્યો હતો તેની નોંધ લેવી જ રહી.

ઈ.સ. ૨૦૧૨ થી માટુંગા ખાતે ડૉ. શ્રીમતી અમીબેન નાગડાના કલીનીકમાં દાંતના દર્દીઓની સારવાર શરૂ કરવામાં આવી. ડોંબિવલી આસપાસ રહેતા જ્ઞાતિજનો માટે ઈ.સ. ૨૦૧૯ થી ડોંબિવલી વેલ્ફેર ગ્રુપ ખાતે દાંતની સારવાર શરૂ કરાઈ છે તથા ડાયાબીટીસના દર્દીઓ માટે બ્લડ સુગર તથા 'એચ વન બી' ટેસ્ટ પણ ૨૦૧૭ થી કરવામાં આવે છે. ટ્રસ્ટ આટલું કરીને રોકાયું નથી. ઈ. સ. ૨૦૧૮ થી જયુપીટર હોસ્પિટલ ખાતે જ્ઞાતિજનોના વિવિધ રોગોની સારવાર માટેના ઑપરેશન મનીષાબેન પોલડીયા (શાહ)ના પ્રયત્નોથી કરાવી આપવામાં આવ્યા છે.

કેડીઓ કલાસીક ફાઉન્ડેશન દ્વારા કચ્છથી મુંબઈ આવવામાં તકલીફ અનુભવતા જ્ઞાતિજનો માટે કચ્છમાં જ આંખની સારવાર આપવામાં આવે છે. કચ્છમાં વસતા જ્ઞાતિજનોને કોઠારા સાર્વજનિક દવાખાના ખાતે પણ વિવિધ સારવાર અપાય છે.

ફાઉન્ડેશન દ્વારા શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે વિદ્યાર્થીઓને મદદરૂપ થવા વિરાયતન વિદ્યાપીઠમાં પણ એડમીશન અપાવવામાં આવ્યા છે.

ફાઉન્ડેશનની બધી જ પ્રવૃતિઓનું સંચાલન કુશળ કાર્યકર્તાઓ, ટ્રસ્ટીઓ શ્રી મણીકાંત હિરજી ધુલ્લા અને શ્રી રાજેશ પ્રેમજી શાહ (લોડાયા) અને અન્ય પદાધિકારીઓ દ્વારા થઈ રહ્યું છે. આ કાર્યોમાં કેડીઓ કલાસીકના સમર્પિત મહિલા સભ્યો કે જેઓ આરોગ્ય સેવાઓ તથા ઓપરેશન માટેના રોજીંદા કાર્યોમાં પ્રવૃત છે તેમની ખૂબ ખૂબ અનુમોદના

આજે આપણને જ્ઞાતિ ઉત્કર્ષની પ્રવૃતિઓ કરી રહેલી આવી સેવાકીય સંસ્થાઓ તથા સમર્પિત સેવકોની જરૂર છે. આવો, આપણે આગળ વધીએ અને આવી સેવાભાવી સંસ્થાઓ દરેક શહેરમાં બનાવીએ.

◆ ◆ ◆

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**
ડૉ. વેલજી પાર્શ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ
રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**
ડૉ. હીરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના  ઉદયન લાલજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ
માનદ્મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર

**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
પંકજ પ્રતાપ શાહ
કેશરસિંહ આણંદજી ખોના
શૈલેશ સનત્ શાહ
તિલકચંદ કુંવરજી લોડાયા
જયંત વિશનજી છેડા

**: ઑડીટર્સ :**
CA હિતેશ મણીકાંત ધરમશી



**વૉલ્યુમ : ૦૧, અંક : ૦૭, તા. ૦૫-૦૨-૨૦૨૧**



**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**Madhu Entertainment & Media Ltd.,**
A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**
શ્રી હેમાંગ લાલજી શાહ
મો.: 99206 46846
E-mail : **kdoprakash@gmail.com**


**સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.**
આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

### પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

# ''જૈન ધર્મ મારી દ્રષ્ટિએ...'' મણકો-૨૭

લેખક : સોમ ધરમશીં, મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭



(ગતાંકથી ચાલુ...)

ગતાંકમાં આપણે આપણી સંસ્કૃતિમાં શિષ્ય-ગુરુ પરંપરા વિશે જોયું, વિચાર્યું. ઇતિહાસમાં નોંધાયેલ વિશેષ ગુરુઓની જાણકારી મેળવી અને તેનાથી એક વાત તો સિદ્ધ થાય છે કે ''જ્ઞાનમાં અભિવૃદ્ધિ કરવા જ્ઞાની ગુરુની જરૂરત પડે છે.''

આપણાં બાળપણથી લઈ જીવનનાં અંત સુધી જુદા જુદા સ્તર પર જુદા જુદા સ્વરૂપે આપણને અનાયાસે ગુરુ મળે છે. બાળપણમાં આપણને ઉઠતાં બેસતાં શિખવાડનાર માતા-પિતા ગુરુનો પાઠ ભજવે છે. જુના જમાનામાં સંયુક્ત કુટુંબમાં રામાયણ, મહાભારત કે આપણા જૈન તીર્થંકરોની વાર્તા સંભળાવનાર દાદા, દાદી કે નાના નાની આપણાં ગુરુનું સ્થાન ગ્રહણ કરતાં અને તેથી ગળથુથીમાં જ સારા સંસ્કાર પડતા. શાળામાં પ્રવેશ બાદ આપણાં શિક્ષકો ગુરુ બની આપણી જ્ઞાનપિપાસા દુર કરતા.

મારા મતે જિંદગીમાં ''અનુભવ'' એ સૌથી મોટો ગુરુ છે જે વિપરીત પરિસ્થિતીમાંથી પણ માર્ગ કાઢી હિમ્મત બંધાવી મુશ્કેલીઓનાં પથ્થરને સફળતાનાં શિખરો સર કરવા, પાયાનાં પથ્થર બનાવે છે.

હવે જૈન ધર્મમાં ગુરુઓ પ્રત્યે, વંદનમાં વિનય, ગુરુ વંદનાનું મહત્વ, માન-સન્માન, આદર ઈત્યાદી બતાવવા શું કહેવાયું છે તે જાણીયે અને માર્ગદર્શન પુસ્તક સમણસુત્તં માંથી મેળવીએ.

इच्छा य अणुण्णवया अव्वाबाहं य जत्त अवणा य;
अवराहखामणा वि य छद्वाणा हुंति वंदणए ।।

ગુરુવંદનમાં છ બાબતોનો સમાવેશ થાય છે : ગુરુ સમક્ષ વંદન કરવાની ઈચ્છા દર્શાવવી, અનુજ્ઞા મળતાં ગુરુની નિકટ જવું, સ્વાસ્થ્યની પૃચ્છા કરી, ગુરુની સંયમયાત્રા નિર્વિઘ્ન છે કે કેમ તેની પૃચ્છા કરવી, તેમના સંયમની અનુમોદના કરવી અને પોતાથી થયેલ અપરાધોની ક્ષમા યાચવી. (આ વિશે વિસ્તૃત ચર્ચા આવતા અંકમાં)

શાસ્ત્રોમાં જણાવેલું છે કે ગૌતમ સ્વામીએ પોતાના ગુરુ મહાવીર ભગવાનને પુછેલું કે ''ભંતે, વંદનાથી જીવને શું લાભ થાય છે.''

ભગવાને કહ્યું ''ગૌતમ, વંદનાથી જીવ નીચ ગોત્રકર્મનો ક્ષય કરે છે, ઉચ્ચ ગોત્રકર્મ બાંધે છે. આજ વાત સમણસુત્તં માં પણ સમજાવવામાં આવી છે.

विणओवयार माणस्स भंजणा पूजणा गुरुजणस्स;
तित्थयराण य आणा सुयधम्माराहणा किरिया ।।

વંદન કરવાથી ગુરુનો વિનય થાય છે, પોતાના અભિમાનનો નાશ થાય છે, ગુરુજનોનું પૂજન થાય છે, તીર્થંકર પ્રભુની આજ્ઞાનું પાલન થાય છે, જ્ઞાનની આરાધના થાય છે અને તેના ફળસ્વરૂપે ધ્યાન અને મોક્ષની પ્રાપ્તિ થાય છે.

ગુરુને વંદન કરવાના પ્રસંગો એકથી વધારે વાર આવે છે. આ બધા પ્રસંગે ગુરુનો યોગ્ય વિનય જળવાઈ રહે અને વંદનાની ક્રિયા સમયોચિત રહે તે માટે વંદનાના ત્રણ પ્રકાર છે- (૧) ફિટ્ટા વંદન, (૨) થોભ વંદન, (૩) દ્વાદશાવર્ત વંદન અથવા (૧) જઘન્ય વંદન, (૨) મધ્યમ વંદન, (૩) ઉત્કૃષ્ટ વંદન.

**(૧) ફિટ્ટા વંદન :-** ફિટ્ટા એટલે રસ્તો. તે પરથી રસ્તે ચાલતા જે વંદન કરવામાં આવે તે ફિટ્ટા વંદન છે. ગુરુ વિહારાદિમાં હોય, રસ્તામાં સામે મળે ત્યારે ''मत्थएण वंदामि'' શબ્દના ઉચ્ચારણપૂર્વક બે હાથ જોડી મસ્તક નમાવીને વંદન કરવું તે ફિટ્ટા વંદન અથવા જઘન્ય વંદન છે.

**(૨) થોભ વંદન :-** ઊભા રહીને કરવાનું વંદન. તે બે હાથ, બે જાનુ અને મસ્તક એમ પાંચ અંગોને નમાવીને બે વાર વંદન કરવાથી થાય છે. વર્તમાન સામાચારી પ્રમાણે ત્યાર પછી સુગુરુ-સુખશાતા પૃચ્છા અને અબ્ભુઠ્ઠિઓ સૂત્ર બોલવાથી એ પ્રકારનું વંદન કરાય છે. ત્રણ પ્રકારના ગુરુવંદનમાં આ વંદન મધ્યમ પ્રકારનું ગણાય છે.

(૩) દ્વાદશાવર્ત વંદન :- આ ત્રીજું વંદન ખાસ વિધિપૂર્વક કરેલા બાર આવર્તોથી પૂર્ણ બને છે, જે ઉત્કૃષ્ટ વંદન છે.

આ ગુરુવંદનાને આગળ વધાવતા પહેલા આદ્ય કવિ શ્રી નરસિંહ મહેતાની સુંદર રચના અહીં આલેખું છું.

***''ગ્રંથ ગરબડ કરી, વાત નવ કરી ખરી;***
***જેહને જે ગમે તેને પુજે,***
***મન વચન કર્મથી આપ માની લહે;***
***સત્ય છે એજ : મન એમ સુઝે...''***

આ લેખ તૈયાર કરવામાં પુસ્તક ''સમણસુત્તં'' તેમજ ડૉ. રશ્મિ ભેદાના પ્રબુદ્ધ જીવનમાં આવેલ લેખ ''ત્રીજું આવશ્યક વંદનાનો સહારો લીધેલ છે. (વધુ આવતા અંકે)

॥ જય શ્રી સચ્ચાઈ માતા ॥  ॥ જય શ્રી ભલારા દાદા ॥

## શ્રી ભલારા દાદા તથા સચ્ચાઈ માતાજીને મોટી વરંડી સ્થાનકે નમતા સર્વે ભાવિકો જોગ, મુંબઈ ખાતે (૧૨) બારમી પહેડી

**રવિવાર તા. ૨૧.૦૨.૨૦૨૧ મહા સુદ ૧૦**

**ભાંડુપ મધ્યે સવારના ૯.૦૦ થી ૧.૦૦ સુધી**

**પહેડીના સૌજન્ય દાતા**

**માતુશ્રી નેણબાઈ હીરજી લોડાયા પરિવાર**

**ગામ : મંજલ (રેલડીયા) હાલ ડોંબિવલી**

: કાર્યક્રમ :

(૧) સ્થાપના (૨) પહેડી, ભાવના, પ્રસાદ (૩) સભા : અહેવાલ

સંવત ૨૦૭૮ માગસર સુદ ૫ ની ધ્વજા ચડાવવાનો આદેશ

ભાવના ભક્તિ : **શ્રી અનંત મિત્ર મંડળ, ભાંડુપ** ભાવિકો દ્વારા

**સ્થળ : કુકરેજા કોમ્પલેક્ષ મિની હોલ**

અનંત સિદ્ધિ દેરાસરની સામે, લાલ બહાદુર શાસ્ત્રી માર્ગ,
ભાંડુપ (વેસ્ટ), મુંબઈ ૭૮.

તા. ક : સર્વે ભાવિકો અને નિયાણી બહેનોને સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ

સંપર્ક :
**મણિલાલ શાહ : ૦૯૮૨૨૨૭૬૨૯૬**
**રમેશ લોડાયા : ૦૯૮૯૨૦૦૩૯૪૦**
**અનિલ શાહ : ૦૯૮૩૩૫૧૧૬૮૫**

॥ જય શ્રી શાંતિનાથાય નમો નમઃ ॥

## શ્રી ક. દ. ઓ. જૈન જ્ઞાતિ મહાજન - સાંધવ

શ્રી ક. દ. ઓ જૈન જ્ઞાતિ મહાજન - સાંધવની **વાર્ષિક સામાન્ય સભા તા. ૨૨.૦૨.૨૦૨૧ ને સોમવાર**ના સ્થાનિક સાંધવ ખાતે **રાત્રે ૮.૦૦ કલાકે** રાખવામાં આવેલ છે. આ સભામાં નીચે મુજબની એજન્ડા પ્રમાણે કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૧) ગત મિનિટ્સનું વાંચન અને બહાલી
૨) ફાઈનાન્સિયલ યર ૨૦૧૯-૨૦ ના ઓડિટેડ હિસાબોની રજુઆત અને મંજુરી.
૩) ફાઈનાન્સિયલ યર ૨૦૨૦ - ૨૧ માટે ઓડિટરની નિમણુંક.
૪) પ્રમુખશ્રીની મંજુરીથી જે રજુઆત થાય તે બાબત ચર્ચા વિચારણા કરવી.

**નોંધ : કોરમના અભાવે મુલત્વી રહેલ સભા તેજ સ્થળે અડધા કલાક બાદ મળશે. તેમાં કોરમની જરૂરત રહેશે નહીં.**

**લી. ક. દ. ઓ. જૈન જ્ઞાતિ મહાજન સાંધવ**
**શ્રી શામજી નરશી દંડ - પ્રમુખશ્રી**
**તા. ૧૮.૦૧.૨૦૨૧**

## ભાવભરી શ્રધ્ધાંજલિ



જન્મ :
તા. ૨૯.૫.૧૯૫૦

સ્વર્ગવાસ :
તા. ૧૬.૧.૨૦૨૧

**અ.સૌ. સ્વ. તારામતી જેઠાલાલ મોમાયા,** ઉ.વ. ૭૦
(સાંચરા, હાલે જુનાગઢ)

હૃદય અમારૂં રડી પડે છે... તસ્વીર જોઈ તમારી
હૈયું માનવા તૈયાર નથી કે હસ્તી નથી આપની
નથી ભુલાતી વસમી વિદાય તમારી
હરપળ થાય અહેસાસ તમારો
તમારા સાથ વિનાનો વર્તમાન રડાવે છે.

**પ્રભુ આપની આત્માને ચિર શાંતિ અને ઉચ્ચ ગતિ આપે એજ પ્રાર્થના.**

**-: શોકાતુર પરીવાર :-**

**માતુશ્રી સોનબાઈ દેવશી વરસંગ મોમાયા પરીવાર**

॥ શાંતિનાથાય નમો નમઃ ॥

## ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



: અરિહંત શરણ :
તા. ૯.૧.૨૦૨૧

ગામ : સાંધવ
હાલે મુલુંડ

**શ્રી રસિકભાઈ દેવરાજ આણંદજી લોડાયા,** ધર્માનુરાગી, જીવદયા પ્રેમી, પરોપકારી, સેવાભાવી, સૌ પ્રત્યે સ્નેહભર્યા સંબંધો જાળવનારા, વાત્સલ્યભાવે સાંસારિક ફરજો બજાવનાર, નિઃસ્વાર્થ ભાવે સેવા કરનારા શ્રી ક. દ. ઓ. જૈન મહાજન સાંધવના ટ્રસ્ટી શ્રી રસિકભાઈ દેવરાજ લોડાયાના દુઃખદ અવસાનના સમાચાર સાંભળી હૃદયના ધબકારા ચુકી જવાય એવો કારમો આઘાત લાગ્યો. ઈશ્વર આગળ આપણું કાંઈ પણ ચાલતું નથી. આ આ વાત સહન કર્યે જ છુટકો. મહાજનશ્રી એ એક નિષ્ઠાવંત સેવા સ્તંભ ગુમાવેલ છે. છેલ્લા આઠ વર્ષથી ટ્રસ્ટી પદે સેવા આપી મહાજનશ્રીના વિકાસ અને પ્રગતિના પાયાના પત્થર બની રહ્યા હતા. પરિવાર અને મહાજનશ્રીને તેમની ખોટ સદાય સાલતી રહેશે. પડેલ ખોટ ક્યારેય પૂરી શકાશે નહીં. પરમ કૃપાળુ પરમાત્મા આપના પરિવારને આ વજ્રઘાત સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માને મોક્ષગામી બનાવે એવી વિનમ્રભાવે પ્રાર્થના.

**એજ લી.**
**શ્રી ક. દ. ઓ. જૈન જ્ઞાતિ મહાજન - સાંધવ**
**શ્રી શામજી નરશી દંડ - પ્રમુખશ્રી અને ટ્રસ્ટી ગણ**

**સમય પ્રવાહ**

# વૃદ્ધાશ્રમ : સમયોચિત જરૂરિયાત ભાગ : ૨
## વિવશતા નહીં વ્યવસ્થા

- પ્રવિણચંદ્ર શામજી ધરમશી (શાહ) કોઠારા-સુરત
મો. 9978903247



ગુજરાતમાં એક દુહો કહી શકાય તેવી રચના વૃદ્ધાવસ્થા સબંધી છે, જે વિષયાનુરૂપ લાગતાં રજુ કરૂં છું. **પાકલ પાન ખરંતા, હંસતી કુંપળિયાં; અમ વીતી તમ વીતશે, ધીરી બાપુડિયાં.** મારા જેવા જેઓ ગામઠી શાળામાં ભણ્યા હશે તેઓ તો એનો અર્થ સમજી જશે પણ યુવા મિત્રો કદાચ ના સમજે તો તેનો ભાવાર્થ પણ રજુ કરું છું. વૃક્ષના પાકા પાંદળા ખરી રહ્યા હતા ત્યારે નવપલ્લવિત કૂંપણો હસી રહી હતી; તેથી ખરતાં પાન કહે છે કે, અમારી જે અવસ્થા કે દશા છે તે તમારી પણ થશે, બસ થોડી રાહ જુઓ. બહુ જ થોડા શબ્દોમાં અસરકારક કહી શકાય તેવી આ રચના છે. લગભગ બારેક વર્ષ પહેલાં પ્રકાશ સમિક્ષામાં વૃદ્ધાવસ્થા સબંધી મારી એક કવિતાને સ્થાન મળેલ. મને તે કવિતા સંપૂર્ણ યાદ નથી પણ તેની એક પંકતિ, **જિંદગી પુછે છે સવાલ, અને શરીર આપે છે જવાબ**, એ વૃદ્ધાવસ્થાને સંક્ષીપ્તમાં યોગ્ય રીતે વર્ણવે છે તેવું મારું માનવું છે.

પરિવર્તન એ સતત ચાલતી પ્રક્રિયા છે અને જે પહેલાં ધીરે ધીરે અને પ્રમાણમાં ઓછી ઝડપે મનુષ્યોની જીવનશૈલીને અસર કરતી; તે આજના ઝડપના યુગમાં લગભગ વીધ્વંશશીલ (disruptive) ગતિએ બદલાવ લાવે છે, અને જેને આપણે **ન્યુ નોર્મલ** એવા શબ્દ સમૂહથી ઓળખીએ છીએ. સામાજિક સ્તરે સંયુક્ત કુટુંબની જગ્યાએ વિભક્ત કુટુંબ, જ્ઞાતિય લગ્નની જગ્યાએ આંતરજ્ઞાતિય લગ્ન કે આંતરધર્મીય (interfaith) લગ્ન અને ક્વચિત સગોત્ર લગ્ન પણ હવે સ્વીકાર્ય થઇ ગયા છે. આ બધી પરિસ્થિતિ બદલાતા સમયના પ્રભાવના કારણે કે વિવશતાના કારણે આપણે સ્વીકારી છે, અને તેજ રીતે વૃદ્ધાશ્રમ કે સર્વાશ્રમ જેવી વ્યવસ્થા પણ હવે સમાજ વ્યવસ્થાના ભાગ જેવી જ થશે. પરિવર્તનનો વિરોધ કરવાને બદલે અને તેને વીધ્વંશશીલ (disruptive) પરિવર્તન નહીં પણ એક વ્યવસ્થા તરીકે અપનાવવું એ ડહાપણ છે, અને બને તેટલી ઓછી તકલીફ કે નુકશાન વગર તેનો સ્વીકાર કરવામાં જ સમાજની ભલાઈ છે.

વૃદ્ધાશ્રમ એ પણ જૈન સમાજના વડીલો માટે એ વિચાર સૈદ્ધાંતિક રીતે મગજમાં જલ્દીથી ના બેસે; પણ વાસ્તવિકતા આદર્શ સ્થિતિ અને સિદ્ધાંતથી તદન અલગ અને ક્યારેક ક્રૂર પણ લાગે તેવી હોય છે; અને જેને સ્વીકાર્યા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી હોતો, એટલે ના-ગમતાંનો ગુલાલ કરવો જ રહ્યો. જૈન સમાજ એ તેની જીવદયાની પ્રવૃત્તિ માટે સમગ્ર વિશ્વમાં પ્રસિદ્ધ અને પ્રખ્યાત છે, જે સમાજ અબોલ પશુ, પક્ષી અને જીવજંતુની રક્ષા માટે પ્રયત્નશીલ અને પ્રવૃતિમય રહે છે, તે સમાજ પોતાના વૃદ્ધો કે વડીલો માટે કાળજી ના લઇ શકે, તે વાત માનવામાં ના આવે તેવી વસ્તુ સ્થિતિ છે. પણ પરિવર્તન કે કાળાન્તરે પરિસ્થિતિ એવી ઉભી થાય છે કે આ વ્યવસ્થા પણ સમાજ માટે હાલ જરૂરી (necessary) થઇ ગઈ છે; અને જે આવનારા વર્ષોમાં અત્યંત આવશ્યક (essential) થઇ જશે, જેના કેટલાક કારણો આ લેખના આગળના ભાગમાં રજુ કરીશ.

આજથી કેટલાક દશકાઓ પૂર્વે એકાકી, નિઃસંતાન કે સંતાનો દ્વારા ત્યજી દેવાયેલ વડીલો માટે વૃધાવાસ કે વૃધ્ધાશ્રય જે લોકજિહ્વાએ વૃદ્ધાશ્રમ તરીકે ઓળખાય છે તે, તે સમયની જરૂરિયાત હતી. પણ હવે જે ગતિ અને પ્રમાણમાં માત્ર વૃદ્ધો નહીં પણ અનેક મધ્યમ વયના વ્યક્તિઓ (સ્ત્રી અને પુરુષ બંને) પણ એકાકી જીવન, કોઈ વાર પોતાની પસંદથી તો કોઈ વાર મજબૂરીથી જીવી રહ્યા છે, જેના અનેક કારણો છે. જેમકે અત્યંત મહત્વકાંક્ષી વ્યકતિઓ કારકિર્દી બનાવવા માટે લગ્ન નથી કરતા; કે બહુ જ મોટી ઉંમરે લગ્ન કરે છે, અને પછી નિઃસંતાન રહે છે. જ્યાં સુધી શરીર ચાલે કે વ્યવસાયમાં પુષ્કળ આવક રહે ત્યાં સુધી આવી વ્યકતિઓને વાંધો નથી આવતો પણ જયારે આ બંનેમાંથી કોઈ એક પરિબળ ખાસ કરીને શારીરિક અશક્તિ કે મર્યાદા અસર કરે ત્યારે તેમની હાલત ખુબ જ દયનિય થઇ જાય છે; અને કેટલીક વાર આવી વ્યકતિઓ ડિપ્રેસન કે હતાશામાં આવી જાય છે અને આત્મઘાતી પગલાં પણ લે છે. હાલના સમયમાં મોટા ભાગે એક સંતાન, કે કોઈ કોઈ પરિવારમાં બે સંતાન એ મોટા ભાગના જૈન સમુદાયના કુટુંબોમાં જોવા મળે છે. આ સ્થિતિ એવી સામાજિક પરિસ્થિતિનું નિર્માણ કરે છે; જેમાં સંતાનના લગ્ન પછી, ખાસ કરીને જેનું સંતાન એક કન્યા હોય તેવા માતાપિતા વૃદ્ધાવસ્થામાં એકલા થઇ જાય છે. તો કેટલીક વાર સંતાનના લગ્ન પછી ખાસ કરીને જેનું સંતાન એક પુત્ર હોય, પણ આજના યુવા પુત્ર અને પુત્રવધુના અલગ રહેવાના વલણના કારણે તેવા માતાપિતા પણ વૃદ્ધાવસ્થામાં

એકલા થઇ જાય છે. આ પરિસ્થિતિ ખુબ જ વ્યાપક થઇ રહી છે. હવેના સમયમાં ભરોસાપાત્ર નોકરો કે ચાકરો મળવા આસાન નથી, ત્યારે સમાજના વડીલોની હાલત દયાજનક થઇ જાય છે. મહાનગરોમાં તો આવા અશક્ત અને બીમાર વડીલો પર અસામાજિક તત્વોની નજર રહે છે; અને લૂંટમાર કે ચોરીના બનાવો પણ બને છે, એટલે વડીલોની સલામતી પણ જોખમમાં રહે છે. કેટલીકવાર આવા વડીલો સ્મૃતિભ્રંશના શિકાર પણ બને છે; જેનો લાભ પણ અસામાજિક તત્વો લે છે, અને મદદના બહાને છેતરપિંડી પણ કરે છે. મારા એક પ્રોફેસર સ્મૃતિભ્રંશના કારણે આવી છેતરપિંડીનો ભોગ બન્યા હતા. તે ઉપરાંત કેટલાક કિસ્સામાં સંતાનો પરદેશ જઈને ત્યાં જ સ્થાઈ થઇ જાય છે, અને તેમના માતાપિતા સામાજિક કારણોસર કે આબોહવા માફક નહિ આવતા ભારતમાં રહે છે. કોઈકવાર ખાસ કરીને મુંબઈ જેવા મહાનગરોમાં આર્થિક રીતે મધ્યમ વર્ગીય કે તેનાથી નીચલા સ્તરના યુવાનો એક કે બે રૂમના આવાસમાં રહેતા હોય, તેઓ ચાહે તો પણ પોતાના વડીલોને સાથે ના રાખી શકે. એટલે હમેંશા એવું નથી કે સંતાનો પોતાના માતાપિતાને ત્યાગી દે છે, કેટલીકવાર સંજોગો પણ ભાગ ભજવે છે. પરિસ્થિતિ કે સંજોગો જે કાંઈ પણ હોય, પણ પરિણામ રૂપે વડીલો એકલા કે એકાકી જીવન જીવતા હોય છે; જે પરિસ્થિતિ કોઈ વાર દયાજનક, ક્રૂર અને અસલામતીભરી બને છે. આજકાલ અનેક વ્યવસાયિક વૃધ્ધ સારભાર કેન્દ્રો ખુલી ગયા છે, જે ત્રિતારક હોટલ જેવા ચાર્જ કરે પણ સેવા નહિ જેવી આપે. તેથી આ વિકલ્પ પણ માત્ર બહુ પૈસાદાર લોકો માટે છે. જે રીતે આજનો સમાજ ચાલી રહ્યો છે તે જોતાં સમયની માંગ માત્ર વૃધ્ધાશ્રય નહીં પણ સર્વાઆશ્રય, એટલે કે જેમાં એકાકી યુવાન કે મધ્યમ વયની વ્યક્તિ પણ રહી શકે તેવી અને આર્થિક રીતે પરવડી શકે તેવી વ્યવસ્થા જરૂરી છે. આ વ્યવસ્થાનો એક ફાયદો એ છે કે સમાજની સંપત્તિ સમાજ પાસે રહે, અને જરૂરિયાત પૂરતી સગવડો જ આપવી જેથી કોઈ વ્યકતિ તેના પર પોતાની માલિકીનોઓ દાવો કરવાની ઈચ્છા ના કરે કે કરી શકે. આ સામાજિક વ્યવસ્થા હોસ્ટેલ જેવી છે જે સેવા અને સત્કર્મની પ્રવૃત્તિ છે, નહીં કે હોસ્પિટાલિટી જેવી વ્યવસાયિક પ્રવૃત્તિ.

એટલે વૃદ્ધાશ્રમ કે વૃધ્ધાશ્રય અથવા સર્વ-આશ્રય એ સમજદારી પૂર્વક અને આયોજનબદ્ધ કરેલી વ્યવસ્થા હોવી જોઈએ અને તે રૂઢિગત નહિ હોવી જોઈએ. તેમાં ભોજનશાળા, આરોગ્ય તથા સારવાર માટેની વ્યવસ્થા, લાયબ્રેરી અને વ્યાયામ શાળા જેવી સાર્વજનિક સગવડો હોય તે ઇચ્છનીય છે. તે મનુષ્યની પાંજરાપોળ જેવી ના હોવી જોઈએ કે આઇસોલેસન વોર્ડ જેવી પણ ના હોવી જોઈએ. બની શકે તો તે એવી જગ્યાએ હોવી જોઈએ જ્યાં ટ્રેન, બસ અને ટેક્સીની સગવડ સુલભ હોય. જો શક્ય હોય તો તેની નજીક કોઈ વિહારધામ કે યાત્રાધામ હોય તો જ્ઞાતિજનો કે આ સ્થાને રહેતા વ્યકતિઓના સગા, સબંધી કે મિત્રો અવાર નવાર મળી પણ શકે; અને આ રીતે તેઓ સમાજ અને હિતેચ્છુઓ સાથે સંકળાયેલા રહે, અને તેમને તેઓ એકાકી કે તરછોડાયેલા છે તેવું ના લાગે. આખરે તો મનુષ્ય એ સામાજિક પ્રાણી છે, તેથી તેને સમાજની કે અન્ય વ્યક્તિના હુંફ, ઓથ કે ટેકાની જરૂરત પડે છે જ. સમાજશાસ્ત્રીઓએ અનેક કિસ્સાઓના અભ્યાસ કર્યા બાદ એવું તારણ રજુ કરેલ છે કે; સમાનવયી કે હમઉમ્ર વ્યક્તિઓને એક બીજા સાથે વધારે ફાવે, તેથી જ્યાં વૃદ્ધાલયો છે ત્યાં વડીલોને અજાણ્યા નહીં પણ જાણીતા અને વિશ્વાસુ મિત્રો મળે છે જે તેમના સ્વાસ્થ્ય માટે પણ જરુરી છે. આ રીતે વૃદ્ધાલયના અનુભૂતિ, સહાનુભૂતિ અને સમજદારીભર્યા વાતાવરણના કારણે વડીલો સકારાત્મક અભિગમ ધરાવતા થઇ જાય છે. જે વડીલો પોતાના પરિવાર સાથે રહેતા હોય છે તેઓ પણ આજ કાલ, જે ઘણી જગ્યાએ પ્રચલિત છે એવા સીનીઅર સિટિઝન ક્લબ કે ગ્રુપ માં બે ત્રણ કલાક માટે જઈને પોતાનો સમય પસાર કરે છે. એટલું જ નહીં પણ અન્ય અબોલ સજીવો (તિર્યંચ) જેમકે વનસ્પતિ તથા પશુ-પંખીઓ પણ જયારે સમૂહમાં હોય છે ત્યારે તેમનો વિકાસ વધારે થાય છે જે વૈજ્ઞાનિક સિદ્ધ હકીકત છે .

૧૯૫૦માં ભારતીયોનું સરેરાશ આયુષ્ય લગભગ ૩૬ વર્ષ હતું અને હાલ એટલે કે ૨૦૨૦માં તે વધીને લગભગ ૬૯ વર્ષ થયું છે (માહિતી સ્રોત ww.statista.com). એટલે કે આયુષ્ય વધી રહયું છે, પણ તેની સાથે આરોગ્ય કથળી રહયું છે. આ બંને વિરોધાભાસી બાબતો છે, પણ વાસ્તવિકતા છે. એટલે કે ૭૦ વર્ષ પહેલાં મોટા ભાગના લોકો સિનિયોરીટી કે વરિષ્ઠતાની ઉંમરે પહોંચતા પહેલાં જ મૃત્યુ પામતાં, જેથી કદાચ તે સમયે વૃદ્ધાશ્રમની જરૂરિયાત સમાજ ને નહીં લાગી હોય. હવે જયારે સરેરાશ ભારતીયનું આયુષ્ય ૭૦ વર્ષની નજીક જઈ રહયું છે, ત્યારે વૃદ્ધાશ્રમ એ જરૂરિયાત થઇ રહી છે.

છીપનું મોતી : રચનાત્મક અને ગમતી પ્રવૃતિમાં વ્યસ્તતા એ વૃદ્ધાવસ્થાને સહેવા યોગ્ય બનાવવાનો અકસીર ઈલાજ છે.

◆ ◆ ◆

વિચાર
વર્તુળ

# વતનનો સાદ - ભાગ ૪

**રમેશ મુલજી લોડાયા,** ભરૂડિયા-મુલુંડ
મો.: 98203 36767



ત્રણ તરફ દરિયો અને એક તરફ સફેદ રણ ધરાવતો ભારતનો સૌથી વિશાળ ક્ષેત્રફળવાળા જિલ્લા કચ્છની આગવી સંસ્કૃતિ છે. કચ્છમાં વરસાદનું પ્રમાણ ઓછું હોય છે. આમ છતાં કચ્છે તેનાં  માનવીના ખમીરથી બાગાયત ક્ષેત્રે નોંધનીય પ્રગતિ કરી છે. વડા પ્રધાન મોદીએ પોતાના આગવા રેડિયો પ્રવચન 'મન કી બાત'માં કચ્છના ખેડૂતોએ કરેલી ડ્રેગન ફ્રૂટની ખેતીનાં વખાણ કર્યા હતાં. વડા પ્રધાને લીધેલી નોંધ બાદ કચ્છના જાગૃત ખેડૂતોએ ડ્રેગન ફ્રૂટનું નવું નામ  'કમળમ ફ્રૂટ' રાખ્યું છે.

કચ્છની મુલાકાતે આવેલા ઉઝબેકિસ્તાનના નાયબ કૃષિ પ્રધાન સહિતના પ્રતિનિધિઓએ કચ્છની ખેતીના વખાણ કરતાં કહ્યુ હતું કે, કચ્છના પ્રયોગશીલ કિસાનો અમારા દેશના ખેડૂતોને ખેતી કરતા શીખવે તે અમારી ઈચ્છા છે. કચ્છ જેવાં મધુરાં બાગાયતી ફળો અમારા દેશમાં પણ ઊગે, તેવું સ્વપ્ન સાકાર કરવું છે.

સૂકાભટ કચ્છમાં આજે ૫૮,૦૦૦ હેક્ટરમાં ખારેક, કેરી, દાડમ, ડ્રેગન ફ્રૂટ, લીંબુ, ચીકુ, નાળિયર, જામફળ, જાંબુ, બોર સહિતના ૧૩ જેટલા પાક લેવાય છે. અમુક પ્રગતિશીલ ખેડૂતોએ લિચી, સ્ટ્રોબેરી અને કેલિફોર્નિયન બદામ તથા સફરજન અને દ્રાક્ષના  વાવેતરમાં સફળતા હાંસલ કરી  છે. એક સમયે શ્રીલંકા અને વિયેતનામથી ભારતમાં આયાત કરવામાં આવતા ડ્રેગન ફ્રૂટની મોટે પાયે ખેતી કચ્છમાં થઈ રહી  છે જેનો સામાન્ય બજારમાં ૨૫૦થી ૩૦૦ રૂપિયાનો ભાવ મળી રહે છે.

કચ્છની કેસર કેરીની જેમ કચ્છની ખારેક વિશ્વમાં વિખ્યાત છે. નખત્રાણા તાલુકામાં કોટડા (રોહા) ગામ પાસેના ખેડૂત હરિસિંહ જાડેજા પરિવારે સંપૂર્ણ સજીવ બાગાયતી ખેતી શરૂ કરી છે જેનાં ખુબ ઊંચા ભાવ મળી રહ્યા છે. આજે કેરી, ખારેક અને દાડમની કચ્છમાંથી નિકાસ થાય છે.

૨૦૧૦માં ભારત અને ઇઝરાયલ વચ્ચે કૃષિ ભાગીદારીના ભાગરૂપે દેશભરમાં જુદા જુદા પાક માટે ૨૬ કેન્દ્રોની સ્થાપના થઈ હતી તેમાં ભુજમાં 'ઇન્ડો-ઇઝરાયલ સેન્ટર ઑફ ઍક્સલન્સ ફોર ડેટ પામ'ની સ્થાપના કરવામાં આવી હતી. જેમાં ભારત સરકાર તરફથી આર્થિક સહયોગ અને ઇઝરાયલની ટેકનિકલ જાણકારી પૂરી પાડવામાં આવી હતી.

રાજ્યની ખેડવાણ જમીનમાં વધારો કરવા તાજેતરમાં ગુજરાત સરકારનો ઐતિહાસિક નિર્ણય કરીને  બાગાયતી તેમજ ઔષધિય પાકોની ખેતીનો વ્યાપ વધારવાના નક્કર કદમરૂપે 'મુખ્યમંત્રી બાગાયત વિકાસ મિશન'ની જાહેરાત કરી છે. જેના દ્વારા રાજ્યના વિવિધ જિલ્લાઓમાં આવેલી ૯૮ લાખ હેક્ટર સરકારી પડતર જમીનોને લાંબાગાળાના લીઝ પર ફાળવી તેને ઉપજાઉ બનાવીને બાગાયતી અને ઔષધિય પાકોની ખેતીથી વધુ આવક મેળવવાનો છે. રાજ્ય સરકાર દ્વારા નક્કી થયેલ જમીન ફક્ત આવા પાક વાવેતર માટે ૩૦ વર્ષની લીઝ-ભાડાપટ્ટે ફાળવવામાં આવશે.

લીઝ માટેની જમીનની સિક્યોરીટી ડિપોઝીટ અને વાર્ષિક લીઝ રેટ નજીવા દરે રાખવામાં આવ્યા છે તેમાં લીઝની જમીન માટે પ્રથમ ૫ વર્ષ કોઇ બેઝીક ભાડું લેવામાં આવશે નહી.

૬ થી ૧૦ વર્ષ માટે દર વર્ષે એકર દીઠ રૂા. ૧૦૦
૧૧ થી ૨૦ વર્ષ માટે દર વર્ષે એકર દીઠ રૂા. ૨૫૦
૨૧ થી ૩૦ વર્ષ માટે દર વર્ષે એકર દીઠ રૂા. ૫૦૦ બેઝીક

**જાહેરાતદારોને નિવેદન**

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઇશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઇલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઇલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઇ શકાય.

**Note to Advertisers**

Please send billing Name, Address and Contact Person Name & Mobile No for Advt. with matter.

After made payment of the Advt. send the payment transaction slip or pay slip with your name & contact No. For Accounting Process.

ભાડું રહેશે. સિકયુરિટી ડિપોઝીટ તરીકે એકર દીઠ રૂા. ૨૫૦૦ જમીન ફાળવણી વખતે એક સાથે ભરવાની રહેશે. એટલું જ નહિ, પાંચ વર્ષમાં પ્રોજેક્ટમાં મંજુર થયા અનુસારનું ડેવલપમેન્ટ જમીન પર કરવાનું રહેશે.

ખેડી ન શકાય તેવી બિન ઉપજાઉ સરકારી પડતર જમીનો આ યોજના અંતર્ગત પ્રગતિશીલ ખેડૂતો, સક્ષમ વ્યકિતઓ, સંસ્થાઓ, કંપનીઓ અથવા ભાગીદારી પેઢીને ફાળવી શકાશે. આ માટે પ્રોજેક્ટ દીઠ જમીનનું ક્ષેત્રફળ ૧૨૫ એકર થી ૧૦૦૦ એકર (૫૦હેકટરથી ૪૦૦ હેકટર સુધી) સુધી રહેશે.

રાજયના કચ્છ, બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા અને સુરેન્દ્રનગર જેવા જિલ્લાઓ પસંદ કરાયા છે. અરજીઓની સ્કુટીની સાત સભ્યોની ટેક્નિકલ કમિટી કરશે બાદ આ ટેક્નિકલ સમિતિની દરખાસ્ત અને ભલામણોના આધારે આવી જમીન લીઝ પર ફાળવવાનો અંતિમ નિર્ણય મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં રચાનારી ૯ સભ્યોની હાઇપાવર કમિટી કરશે. આ કમિટીમાં નાયબ મુખ્યમંત્રી તેમજ કૃષિ, મહેસૂલ મંત્રીઓ, કૃષિ રાજ્યમંત્રી, મુખ્ય સચિવ તથા મહેસૂલ અને નાણાં વિભાગના અધિક મુખ્ય સચિવ સભ્ય તરીકે અને કૃષિ સચિવ સભ્ય સચિવ તરીકે ફરજ બજાવશે.

જમીન પાછળ કરવું પડતું મોટું રોકાણ બચાવી આ યોજનાનો લાભ લઈ શકાય છે. સમસ્ત મહાજન કે મુંબઈ મહાજન આગળ આવી ૧૦૦૦ એકર કે વધુ જમીન લીઝ પર લઈ તેને આપણાં ૧૧૫ જેટલા નાના મહાજનનો ફાળવી કોર્પોરેટ કે સરકારી ધોરણે બાગાયતી ખેતીનો પ્રોજેક્ટ હાથ ધરી શકાય છે. મુંબઈના સફળ વ્યાપારી શ્રી પ્રવીણભાઈ હંસરાજ લોડાયાએ કચ્છમાં બાગાયતી કૃષિ વિકસાવી સફળ પ્રગતિશીલ કૃષિકાર તરીકે આગવું નામ કાઢ્યું છે. એમનાં અનુભવનો લાભ લઈ શકાય છે.

સમયને પારખી વાગડ વીસા ઓશવાળ ચોવીસી મહાજન અને કૃષિ રિસર્ચ ઇનોવેશન એન્ડ ડેવલપમેન્ટ એસોસિએશને સેમીનાર યોજી કચ્છીઓને મુંબઇનો મોહ છોડી ખેતી કરવા વતન તરફ પરત વાળવાના પ્રયાસ પ્રશંસનીય છે.

◆ ◆ ◆



## શ્રી કચ્છી દશા ઓશવાલ સેવક ભરૂડીયા અચલગચ્છ જૈન સંઘ તેમજ માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરીવાર તરફથી

**૧૫ મી વર્ષગાંઠ ધ્વજારોહણ પ્રસંગે પધારવા ભાવભર્યું આમંત્રણ**

સંઘના સર્વે ભાઇઓ – બહેનો તથા સર્વે જ્ઞાતિજનોને જય જીનેન્દ્ર,

સહર્ષ જણાવવાનું કે શ્રી આદિનાથદાદાની અસીમ કૃપા તેમજ પુજ્ય ગુરૂભગવંતો અને પૂજનીય વડિલોના શુભાશિષથી આપણા ગામના જિનાલયની ૧૬ મી ધ્વજારોહણ મહોત્સવ સંવત ૨૦૭૭ ના મહા વદ ૧૪ શુક્રવાર તા. ૧૨/૩/૨૦૨૧ ના શુભ દિને નિર્ધારિત થયેલ છે.

**ધ્વજારોહણ અ. સૌ. સંગીતા કિશોર લાપશીયા ની પૌત્રી ચિ. સાન્વી તન્વી-નીરજ લાપશીયા તથા અ. સૌ. અનીતા જીવરાજ લોડાયા ના પૌત્ર ચિ. કીયાન ચાંદની-મીખીલ લોડાયાના હસ્તે કરવામાં આવશે.**

આ ધ્વજા મહોત્સવનો ૨ દિવસીય કાર્યક્રમ નીચે મુજબ રહેશે.

**તા. ૧૧/૩/૨૦૨૧ ગુરૂવાર :**

ભરૂડીયા મુકામે આગમન, અઢાર અભિષેક, જાહેરપીરદાદાની ધ્વજા, સાંજે ચોવિહાર રાત્રે ૮.૩૦ થી જીતુભાઇ પાટણવાળા અને સાથીઓ દ્વારા ભક્તિ ભાવના

**તા. ૧૨/૩/૨૦૨૧ શુક્રવાર :**

સવારના ૭.૦૦ કલાકે નવકારશી, સતરભેદી પૂજન અને ધ્વજારોહણ વિધી ત્થા સાધર્મિક ભક્તિ.

તો આ પ્રસંગે સર્વે ગામવાસીઓ, બહેનો-દીકરીઓ, જ્ઞાતીજનોને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**લી. શ્રી ક. દ. ઓ. સેવક ભરૂડીયા અચલગચ્છ જૈન સંઘ**
**તેમજ માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરિવાર**

**અતીતની અટારીએથી**

# "ઘડિયાલ ગોદીથી કચ્છ-માંડવીની દરિયાઈ સફર (૧૨)"


**સોમ ધરમશી**

મો. 97267 76627




(ગતાંકથી ચાલુ...)

ચોવિહાર કર્યા બાદ, મેં સ્ટીમરની મોટી પ્રદક્ષિણા કરી હોવાથી અને ફરીથી તુતક ઉપર જવાની રજા નહીં મળે એ પુ. માતુશ્રીની આંખોથી મળેલ સંકેતના કારણે મેં થોડીવાર માટે વિશ્રાંતિ લેવાનું મુનાસિફ ધાર્યું. થોડીક જગ્યા કરી લંબાવ્યું. ઉંઘ તો આટલી વહેલી આવવાની નહોતી તેથી સ્ટીમરનું સુતા સુતા ફરીથી નિરીક્ષણ કરવાનું શરૂ કર્યું.

અત્યાર સુધી મારી આ સ્ટીમર યાત્રા આનંદપૂર્વક વિતી રહી હતી અને તે માટે યશકલગી ચંદનને શિરે પહેરાવવી જોઈએ પણ મેં મારા વિચારોના ઘોડાઓને તેમજ મનના મનસુબાઓને મજબુતીથી પકડી રાખ્યા.

હું સુતો હતો ત્યાંથી ડાબી બાજુએ થોડે દુર વોશરૂમ હતો અને લોકો પોતાનાં વાસણો સાફ કરવા તે બાજુ જતા હતા, પણ થોડી થોડી વારે ત્યાંથી કોઈ ઉલટી કરતું હોય તેવા અવાજ પણ આવતા હતા. છેવટે મેં મોટીબેનને પુછી જ નાખ્યું, જે વાર્તા વાંચવામાં મશગુલ હતી. મેં જાણે તેના તપનો ભંગ કર્યો હોય તેમ ચિડાઈ કરીને મને જણાવ્યું કે કેટલાક લોકોને સ્ટીમરની મુસાફરીમાં "ફેર" ચડતા હોય છે અને તેથી તેઓને ચક્કર આવે અને પેટમાં ખાધેલું ઠલાવી નાખતા હોય છે. સારું છે તને હમણાં "ફેર" આવતા નથી, નહીં તો તુ પણ ઉલટી કરી કરી થાકી ગયો હોત. તને યાદ છે તું મુંબઈમાં બાઈ સાથે જ્યારે જ્યારે "એન" રૂટની બસમાં મુસાફરી કરતો ત્યારે ત્યારે તું ઉલટીથી તારા કપડાં ભરતો અને બાઈને તારા માટે એક જોડી કપડાં સાથે લઈ જવા પડતા.

મેં તરત જ મારું બધું ધ્યાન એન રૂટની બસની મુસાફરીની યાદો માંથી ખંખેરી ભુધર તરફ કેન્દ્રિત કર્યું. બપોરના જમવાનું પેટ ભરીને ખાધું હતું પણ ચોવિહારમાં કાંઈ વિશેષ ખાધું ન હોવાથી પેટ મને હલકું લાગ્યું. ઉલટી આવવાના વિચારોએ જ મને ગભરાવી નાંખ્યો.

મુંબઈમાં ચિંચપોકલી પાસે "મોટી ચાલો" (રહેઠાણની જગ્યા-જ્યાં સિંગલ ૮ થી ૧૦ રૂમ કત્તારબંદ લાઈનમાં હોય અને સંડાસ-બાથરૂમની સગવડતા ચાલના છેવાડે હોય.) લગભગ કસ્તુરબા હોસ્પિટલની સામે અને આર્થર રોડ જેલની પાસે હતી. મારા દુરના મામા શ્રી હિરજી કેશવજી ખોના (નલિયા) આ ચાલમાં રહેતા હતા. (આ ચાલનું નામ સ્મૃતિપટ ઉપરથી લગભગ ભુંસાઈ ગયું છે પણ એવું ઝીણું ઝીણું યાદ આવે છે કે એને "શાંતિ નગર" કહેવાતું. આ ચાલમાં લગભગ ૫૦ થી ૬૦ કુટુંબો આપણી જ્ઞાતિના વસતા હતા.) સાથે સાથે મારી શાળાનો મિત્ર રમેશ ભવાનજી મોમાયા (વરાડીયા) પણ ત્યાં રહેતો હતો. તે જમાનામાં બી.ઈ.એસ.ટી.ની બસના રૂટનાં નામ એ, બી, સી, ડી, પર હતા.

આ ચાલ પર જવા માટે ફોર્ટ બોરીબંદર સ્ટેશન પાસેથી ડી અથવા એન રૂટની બસ મળતી. ડી રૂટની બસ મેટ્રો સિનેમા પાસેથી મરીન લાઈન્સની સમાંતર ઓપેરા હાઉસ થઈને જતી જ્યારે એન રૂટની બસ ક્રોફર્ડ માર્કેટ-ધોબી તલાવ- ગિરગામ થઈ ફરી ફરીને જતી હતી અને ભુલે ચુકે જો એન રૂટની બસમાં મુસાફરી કરી તો અચુક શાંતિ નગરના દરવાજે ઉતરતા ઉતરતા ઓઉ... ઓઉ... થઈ જતું અને તેથી હું ડી રૂટની બસમાં જ જવાની હઠ પકડતો.

મેં મારા મન માંથી એન રૂટની સવારીને બહાર ધકેલી દઈ તુતક ઉપરથી સુતા સુતા ઉપર બાંધેલી વિશાળ તાલપત્રી અને સ્ટીમરના કઠેળા વચ્ચેના ભાગમાંથી દેખાતા આકાશ તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું. સ્ટીમરની આ તરફના આકાશમાં કાળા ઘેરા રંગથી વાદળો રંગાઈ રહ્યા હતા. સારું થયું અમે જે ભાગમાં હતા ત્યાં એક વિશાળ ફ્લડ લાઈટ હતી અને તેના પ્રકાશમાં વોશરૂમ તરફ જવાનો રસ્તો સાફ દેખાતો હતો.

થોડા થોડા તારલિયા આકાશમાં અચાનક ઉપસવા માંડ્યા જેમાં એકાદ તારો વધુ ચમકતો હતો અને મારા મનમાં પ્રશ્નોનો પ્રવાહ વહેવા લાગ્યો. મારા અટપટા પ્રશ્નોના જવાબ આપનારા ચંદન તરફ મારું ધ્યાન ગયું અને સુતા સુતા જ મેં તારા તરફ ઈશારો કરીને પુછ્યું કે "આ તારો કેમ સ્થિર રહીને પણ ચમકે છે." ચંદન તો માહિતીનો ખજાનો હતી. ઉબડક બેઠા થઈ એ તારાનું બરાબર નિરિક્ષણ કરી મને જણાવ્યું કે "એ ધૃવનો તારો છે. એ વિશેષ ચમકે છે પણ શા માટે બીજા તારાઓ કરતા સવિશેષ ચમકે છે તેની મને પુરેપુરી જાણ નથી." એના એ નિર્દોષ જવાબ ઉપર હું વારી ગયો. કદાચ એની અજ્ઞાનતા ઉપર એ હસી પડી ત્યારે એના ગાલોમાં પડતા ખંજન મને વધુ ગમવા લાગ્યા... (વધુ આવતા અંકે...)

# પ્રવિણભાઈ લોડાયા વડોદરાવાલા

પ્રકાશ સમીક્ષાના અંક નં. ૨૩, તા. ૨૦-૧૧-૨૦૨૦ના અંકમાં ભરતભાઈ લોડાયા, વડોદરાવાલાનો પ્રવિણભાઈ બદ્દલ જે લખેલ છે તે એકદમ બરાબર છે. આ વડોદરાની વાત થઇ તે પહેલા તેઓ ખામગામમાં રહેતા હતા. તે પણ નોંધ લેવા જેવી વાત આજે આપણી સમક્ષ સાદર કર્યુ છું.




પ્રવિણભાઈનો જન્મ ખામગામ માં થયો છે. શિક્ષણ પણ ખામગાવમાં કરેલ છે. શિક્ષણ બાદ નોકરી ન કરતા પોતાની એક દુકાન ચાલુ કરી વ્યવસાય કરતા હતા. સામાજીક કાર્ય કરવા હમેશા તત્પર રહેતા હતા.

આજથી ૬૦ વરસ પહેલા ખામગામમાં ક.દ.ઓ. જૈન સમાજનો કોઇક હોલ ન હતો. પર્યુષણ પર્વ દેરાસરના ઉપાશ્રયમાં કરતા હતા. તે સમય ખામગામમાં અંદાજીત ૬૦-૬૫ કુટુંબ કેડીઓના હતા તેમજ તપેગચ્છ સમાજ ખડતરગચ્છ સમાજ માટે ઉપાશ્રય નાનો પડતો હતો. કપાસ વ્યાપાર બહુજ જોરમાં ચાલતો હતો જેથી કપાસના વ્યાપારી એવા અરજણ દેવજી ખીમજી વાલા પાસેથી માતબર રકમ મળતા મંગલ કાર્યાલય બાંધવાનો નક્કી કરેલ. આ બાંધકામમાં અમુલ્ય સમય પ્રવિણભાઈએ આપેલ. એમના દેખરેખ નીચે કાર્ય થતું હતું ત્યારે ૧૯૬૩ની સાલમાં મંગલ કાર્યાલય પૂર્ણ થયેલ તદ્‌ઉપરાંત ૫૦-૫૨ વરસ પહેલા ખામગામમાં કોઇ કોનવેન્ટ સ્કૂલ ન હતી. તે માટે ડૉ. લક્ષ્મીચંદ નરપાર નાગડા, શ્રી રાયચંદભાઇ મહેતા તથા અન્ય કપાસના વ્યાપારી સાથે ચર્ચા કરી તે સમય ખામગામમાં જ્ઞાનપીઠ કોનવેન્ટ શાળા ચાલુ થઈ તેમાં પણ એમની દેખરેખ હતીજ. જૈન યુવક મંડળ હતો તેના તેઓ ઘણા વરસો સુધી સચીવ હતા. તેમજ વરસો પહેલા આચાર્ય વિનોબા ભાવે વર્ધામાં જૈન સમાજના કોઇક પુસ્તક હોવું જોઇએ તે માટે ઘણા જૈન વિદ્વાનોને આમંત્રણ આપેલ હતું ત્યારે ખામગામ પ્રતિનિધી તરીકે સમાજ એ પ્રવિણભાઈ લોડાયાની પસંદગી કરી તેમને મોકલાવ્યા હતા. ખામગામમાં અલગ-અલગ ગચ્છ હોવાથી વરસો પૂર્વ કોઇ સાધુ-સાધ્વીના ચોમાસા ખામગામમાં નહી થતા. પણ પ્રવિણભાઈ એ દરેક સમાજ ના વિદ્વાન લોકો સામે પહેલ કરી. આચાર્ય વિજયરત્ન મહારાજ સાહેબના પ્રેરણાથી ખામગામમાં સાધુ ભગવંતોના ચોમાસા શરૂ કરવા પ્રવિણભાઈનો બહુજ યોગદાન હતો. તેઓ મહારાષ્ટ્ર એકમના સેક્રેટરી હતા તે નાતે મહારાષ્ટ્ર એકમની મિટીંગ જ્યાં પણ થતી તેઓ અચૂક હાજર રહેતા હતા. ખામગામના કપાસનો વ્યાપાર તે સમય પુરા જોરથી ચાલતો હતો ને દરેક વ્યાપારી પાસેથી ડોનેશન લઇને સમાજના જૈન બાળકોની સ્કુલ ફી નોટબૂક - પુસ્તક આદી તથા સ્કુલના યુનીફોર્મ પણ મફત આપતા હતા. આ કાર્યમાં એમનું અમુલ્ય યોગદાન હતું. જૈન સમાજનો કોઇ પણ કાર્યક્રમ હોય એમાં સક્રિય ભાગ લઇ સફળ બનાવતા હતા.

જૈન તથા જૈનેતર એવા ઘણા, લોકોને સારી સારી કંપનીમાં નોકરી પોતાની લાગવગથી લગાવતા હતા. ખામગામના મારવાડી સમાજ - જૈન સમાજ, ગુજરાતી સમાજ, મરાઠી સમાજમાં પ્રવિણભાઇ ઘણા લોકપ્રીય હતા. લોકો એમને પ્રવિણ મામા તરીકે ઓળખતા હતા.

આ સમાજના કાર્ય કરવામાં એમના ધર્મ પત્નિ સૌ. સરલાભાભીનો ખુબજ સાથ મળતો હતો. પોતાનો વ્યવસાય છોડી હું સમાજ માટે કંઇક કરૂ એ ધગશ એમનામાં હતી. ઘણા અનેક કાર્ય એમને ખામગામ સમાજ માટે કરેલ. ૧૯૮૫ સાલમાં પ્રવિણભાઇ ખામગામવાસીઓની રજા લઇ વડોદરા રહેવા આવી ગયા. જે કામ ખામગામ માટે કરેલ તે વડોદરા માટે કરેલ.

સમાજ માટે પોતાનો વ્યવસાય છોડી કાર્ય કરવાવાળા ઓછા મળે. આજે એમની ઊમર ૭૬ વરસ ઉપર થઇ છે ને લગ્ન જીવનના ગોલ્ડન જ્યુબીલી વરસ એટલે ૫૦ વરસ હાલમાંજ પુરા કરેલા. ખામગામનો કોઇ સગા સંબંધી મળે તો એમના સાથે ખામગાની વાતો જ કરે. ત્યાંના હાલચાલ પહેલા પુછ પરછ કરે એવા સરળ સ્વભાવી પ્રવિણભાઇ લોડાયાને ખામગામ હમેશા યાદ કરે છે. એમના દીર્ઘ આયુષ્ય તથા તંદુરસ્તી માટે હું પ્રભુ પાસે પ્રાર્થના કરૂ છું. ખામગામ સમાજ એમના સત્કાર્ય ને હમેશા યાદ કરશે. એમના બાબત વડોદરાના ભરતભાઇએ બધું જ લખેલ છે. ભુલચુક માફ કરશો.

– **વિનોદ મુલજી મોતા,** ખામગામ - મુલુંડ - તેરા
મો.: ૯૮૨૧૭૫૫૩૪૧

## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા વિનંતી છે. આપના સહકારની આશા છે.

**આરોગ્ય પ્રકાશ**

# સંધિવાતમાં કસરત ખૂબજ મહત્વની - ભાગ ૨

- ડૉ. વીરચંદ લખમશી નાગડા,
M.B.B.S. (મુંબઇ), **M : 8369077978**



૧. ઘૂંટણની કસરત માટે જુઓ ઓનલાઇન પ્રકાશ સમીક્ષા તા. ૧૧ થી ૧૭ ઑક્ટોબર ૨૦૧૪ અંક ૪૨, પાના નં. ૧૪ અને ૧૫.

૨. ગરદનની કસરત માટે જુઓ ઓનલાઇન પ્રકાશ સમીક્ષા તા. ૫-૧૧-૨૦૧૮ના અંકમાં આરોગ્ય પ્રકાશ.

૩. કમરના સંધિવાત : કમરમાં ઘણું કરીને કરોડના નીચેના ભાગના પાંચ લંબર મણકા ($L_1$ થી $L_5$) કે કમરના પાંચમા મણકા અને નીચેના સેક્રમના પહેલા મણકાના સાંધા ($L_5$/$S_1$) માં વચ્ચે આવેલ ગાદી ઘસાવાથી દુખાવો થાય છે. અતિઘસાય તો બે મણકા વચ્ચેના સાંધામાંથી નીકળતી લોહીની નસ અને મજ્જાતંતુ પર દબાણ આવે તો પગમાં વિવિધ જગ્યાએ દુઃખાવા થાય છે. કમરના નીચલા મણકામાંથી નીકળતી પગમાં પાછળ આવેલી સાઈટીક નર્વ દબાય એટલે એ બાજુનો બેઠકનો ભાગ, પગનો સાથળનો પાછળનો ભાગ, પીંડી, એડી દુઃખે જેને સાયટીક (રાંઝણ) કહે છે. ગાદી સાંધામાં સહેજ બહાર નીકળે (Disk - herniation એટલે કે Slip Disk) કે કરોડના હાડકા (Vertebrae)નું થોડું વધવું (Bonespur) પણ કારણભૂત હોય છે.

કસરત : ૧) ઉભા રહી કમર પર હાથ રાખી બન્ને પગ દોઢેક ફુટ અંતરે રાખો. શરીરના ઉપરના ભાગને ડાબી તરફ પાછળ જેટલું થાય તેટલું ટર્ન કરો અને પછી જમણે જેટલું થાય તેટલું ટર્ન કરો, ગરદન પણ એ તરફ ટર્ન કરો આમ ડાબે જમણે કુલ ૧૦૦ વખત કરો.

૨) ઉભા રહી કમર પર હાથ રાખી ડાબે અને જમણે વારાફરતી કમરથી ઉપરના ભાગને અને ગરદનને ઝુકાવ આપો - કુલ ૧૦૦ વખત.

૩) આજ રીતે ઉભા રહી કમરના ઉપરના ભાગને આગળ જમીન તરફ અને પાછળ ઉપર તરફ જોઇ ઝુકાવ આપો - કુલ ૧૦૦ વખત.

૪) આજ પોઝીશનમાં રહી કમરથી ઉપરના ભાગને ડાયગોનલ એટલે કે ઇશાન થી નૈરૃત્ય (ભીંત સામે ઉભા હો તો રૂમના એક ખુણે થી તેના સામેના ખુણે) શરીરને ઝુકાવ આપો. પછી વાયવ્ય થી અગ્નિ તરફ ઝુકાવો - કુલ ૧૦૦ વખત.

૫) જમીન પર ચત્તા સુઈ હાથને (જમીન તરફ પંજો) શરીરની નજીક રાખો. કમરના ભાગને છત (શીલીંગ) તરફ ઉંચકો અને વળી મૂળ સ્થિતિમાં આવો. આ ૧૦૦ વખત કરો.




૬) આ જ સ્થિતિમાં રહી કમરને જમીન તરફ દબાવો અને ફરી મૂળ સ્થિતિમાં આવો. આમ ૧૦૦ વખત કરો.

૭) ચત્તા સુઇ હાથ બન્ને તરફ પહોળા કરી (શરીરથી ૯૦°ના ખુણે) હથેળી શીલીંગ તરફ, પગ ઘુંટણથી વાળી બન્ને પાસે પાસે, પંજો ફ્લોર પર રાખો. હવે બન્ને ઘુંટણને સાથે રાખી ઘૂંટણને જમણી બાજુ ફ્લોર તરફ જેટલા વળે તેટલા વાળો અને ગરદનને ડાબી તરફ વાળો. વળી મૂળ સ્થિતિમાં લાવતાં હવે બન્ને ઘૂંટણને ડાબી બાજુ ફ્લોર તરફ વાળો અને ગરદન ને જમણી તરફ વાળો અને પાછું મૂળ સ્થિતિમાં આવો. આ સંપૂર્ણ કસરત ૧૦ વખત કરો.



૮) ઘૂંટણને આમ જ વળેલા રાખી પંજા જમીન પર એક ફૂટના અંતરે એકબીજાથી દૂર રાખી જમણા ઘૂંટણને ડાબી બાજુ પગના પંજા તરફ જેટલું બને તેટલું ઝુકાવો, ગરદનને જમણી તરફ વાળો હવે પહેલાની સ્થિતિમાં આવો. પછી ડાબો ઘૂંટણ જમણ પગના પંજા તરફ બને તેટલું ઝુકાવો અને ગરદન ડાબી બાજુ વાળો અને મૂળ સ્થિતિમાં આવો આમ વારાફરતી ૧૦ વખત કરો.

૯) આજ સ્થિતિમાં ઘૂંટણ વળેલા રાખી જમણા ઘૂંટણને ડાબા ઘૂંટણ પર ટેકવો. અહીં ડાબો પંજો જમીન પર સ્થિત રહેશે અને જમણો પંજો સહેજ અધ્ધર રહેશે, હાથ બન્ને તરફ ખુલ્લા (અગઉ જેમજ) હવે બન્ને ઘૂંટણને જમણી બાજુ ફ્લોર તરફ ઝુકાવો અને ગરદનને ડાબી બાજુ વાળો... હવે બન્ને ઘૂંટણને મૂળ સ્થિતિ તરફ લાવતાં આગળ ડાબી બાજુ ફ્લોર તરફ ઝુકાવો હવે અધ્ધર રહેલ પંજો ફ્લોરને અડે તેમ કરો અને ગરદનને જમણી બાજુ વાળો... બન્ને ઘૂંટણને પાછા મૂળ સ્થિતિ (આકૃતિમાં બનાવ્યા પ્રમાણે)માં લાવો. આ આખી કસરત ૧૦ વખત કરો.

૧૦) ઉપરની કસરત નં. ૯ થી ફેરફાર કરતાં ડાબા ઘૂંટણને જમણા ઘૂંટણ પર રાખો, સંપૂર્ણ કસરત ૧૦ વખત કરો.

૧૧) ચત્તા સુઇ, પગ જોડેલા, હાથ શરીરની બાજુમાં, ઉંડો શ્વાસ લઇ, જોડેલા બન્ને પગને શીલીંગ તરફ ફ્લોરથી ૩૫° ઉપર ઉંચકો, એક નવકાર ગણ્યા સુધી એજ સ્થિતિમાં રહો ફરી

પૂર્વ સ્થિતિમાં આવી શ્વાસ છોડો. આ કસરત ચાર વખત કરો.

૧૨) ઉંધા સુઈ, હાથ પહોળા શરીરથી ૯૦°ના ખુણે, હથેળી ફ્લોરને અડેલી રાખો. બન્ને પગ ભેગા કરી ઘૂંટણથી શીલીંગ તરફ ઉંચા કરો જેથી પગની પાની શીલીંગ તરફ રહે. હવે બન્ને પગને જમણી બાજુ ફ્લોર તરફ વાળો ફરી મૂળ સ્થિતિમાં આવતા ડાબી બાજુ ફ્લોર તરફ વાળો આ કસરત ૧૦ વખત કરો.



ઘૂંટણ ના સંધિવાતના દર્દીએ વધુ ચાલવું ન જોઈએ (કસરત માટે કે વજન ઉતારવાની ઉચ્છાથી વધુ ચાલે છે) ખપ પુરતું ચાલવું, વધુ ચાલવાથી શરીરનું વજન સાંધા પર આવવાથી સાંધા જલ્દી ઘસાય છે. તેના બદલે ૧) કોઇ ઉંચા સ્ટુલ કે પલંગ કે ઝુલા પર બેસી (પગ જમીન થી અધ્ધર સ્થિતિમાં રહેતા હોય તેટલી ઉંચાઇ પર બેસવું) પગને આગળ પાછળ હલાવો.

૨) બેઠકની સ્થિતિમાં રહો, બન્ને હાથને કોણીમાંથી વાળી ડાબો પગ અને જમણો હાથ - જમણો પગ અને ડાબો હાથ પધ્ધતિસર ચાલતા હોઈએ તે રીતે ચલાવતા રહો. આમ ૧૦૦ વખત કરવું.

૩) ચત્તા સુઇ પગને ઘૂંટણમાંથી વાળી સાયકલને પેડલ મારતા હોઈએ તે રીતે પગ ચલાવો ૧૦૦ વખત કરો.

તરવાથી, ઝુલા ખાવાથી ઘૂંટણને કસરત મળે છે અને શરીરનું વજન ઘૂંટણ પર આવતું નથી જેથી ઘૂંટણના સાંધાને ઘસારો લાગતો નથી. આવી રીતે જ જે કોઇ સાંધાની તકલીફ હોય તેને બધી દિશામાં હલાવી તેની આજુબાજુના સ્નાયુ, લીગામેન્ટસ્ (અસ્થિબંધ)ને મજબૂત કરો. અંદરનું લુબ્રીકન્ટ સાંધામાં બરાબર પ્રસરશે લોહી આજુબાજુ વ્યવસ્થિત ફરશે, સાંધાનો સોજા ઘટશે, ખરાબી દૂર થશે અને વ્યવસ્થિત લોહી ફરવાથી પૂરતું પોષણ મળશે. સ્નાયુ, લીગામેન્ટસ્ મજબૂત થવાથી સાંધો બરાબર ઉંચકાશે, પીડા ઘટશે પીડા દૂર થશે.

બીજા ઉપાય : ૧) રોજ ચાર આખા અખરોટ, ચાર બદામ, ચાર ચમચી અળશી (સહેજ શેકેલી) નિયમિતપણે લ્યો. ઓલીવ ઑઇલ કે રાઇનું તેલ રોજ ઉપયોગમાં લ્યો. આ બધામાં ઓમેગા-૩ ફેટી એસિડ હોય છે. જેનાથી સાંધાની ઘસાયેલ કાર્ટીલેજ નવી તૈયાર થાય છે.

૨) નિયમિત દાડમનો રસ પીવાથી કાર્ટીલેજને ઘસારો ઓછો લાગે છે.

૩) કાંદાનો બાધ ન હોય તો તેનો ઉપયોગ કરો, એમાં રહેલ પેપ્ટાઇડ હાડકામાંથી કેલશ્યમનું ધોવાણ અટકાવશે, કેલશ્યમ હાડકામાં જળવાઇ રહેશે અને સાંધા જલ્દી નહીં ઘસાય.

૪) કેફીન ધરાવતા પદાર્થ - ચા, કોફી, ચોકલેટ, કેફીન ધરાવતી દવાઓ ન લ્યો.

૫) બી.પી., ડાયાબીટીઝ, થાઈરોઇડનો યોગ્ય ઇલાજ કરી કાબુમાં રાખો જેથી સાંધામાં વધુ ઘસારો ન થાય.

આમ બધી રીતે ગોળીઓ, ઇન્જેક્શન ઓપરેશન કરતાં કસરત ઈલાજ તરીકે પ્રથમ નંબરે આવે છે માટે સંધિવાત જેમને ન હોય તો એ ન થાય એ માટે અને હોય તો તે પીડા મટાડવા, ઈલાજ તરીકે કસરતને અપનાવો અને સ્વસ્થ્ય જીવન જીવો.

નોંધ : ઉપર લેખમાં જણાવેલ બધી કસરત દિવસમાં ત્રણ વખત કરવી જોઈએ.

**વિગતવાર સમાચાર મોકલવામાં ઔચિત્ય - મર્યાદા**

જ્ઞાતિ સંસ્થાની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના સમાચારો સમાચાર વિભાગમાં પ્રકાશિત કરવા મોકલતી વખતે મુખ્ય વિગતો જ જણાવવા વિનંતિ છે. દીપ પ્રાગટ્ય, નવકાર મંત્ર પઠન, કોણે કોનું સન્માન કર્યું, ઇનામો-પારિતોષિકો મેળવનારનાં નામો, પર્યુષણમાં કયું સપનું કોણે પધરાવ્યું, ક્યા ક્યા વિશિષ્ટ મહાનુભાવો હાજર રહ્યા હતા જેવી વિગતો સમાચારમાં લઇ શકાતી નથી.

## કેડીઓના આગામી કાર્યક્રમો

**જલગાંવ કેડીઓ ખેલોત્સવ - ૭**
રવિવાર તા. ૭ ફેબ્રુઆરી ૨૦૨૧

**શ્રી કચ્છ સુજાપુર અજિતનાથ જૈન તીર્થ**
૧૩૯ મો ધજા મહોત્સવ
બુધવાર, તા. ૧૭ ફેબ્રુઆરી ૨૦૨૧

**ભલારા દાદા સચ્ચાઈ માતાજી - મોટી વરંડી**
૧૨ મી સમૂહ પહેડી
રવિવાર, તા. ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૧

**Anantnathji Youth Forum**
KDO Premiere League (KPL 2021)
Sunday 28th February 2021

**મંજલ રેલડીયા ૧ ૩૯મો ધજા મહોત્સવ**
શુક્રવાર તા. ૨૧ મે થી શનિવાર તા. ૨૨ મે ૨૦૨૧

**શ્રી ક. દ. ઓ. જખૌ મહાજન અને ટ્રસ્ટ**
૧૭૩ મો ધ્વજા મહોત્સવ
ગુરુવાર તા. ૧૭ જૂન થી શનિવાર તા. ૧૯ જુન ૨૦૨૧

**ક. દ. ઓ. મુનિસુવ્રતસ્વામિ શ્વે. મુ. જૈન સંઘ**
**ચોપડા સંચાલિત શ્રી મુનિસુવ્રત જૈન દેરાસર**
૧૩ મી વર્ષગાંઠ અને ૧૪ મો ધ્વજા મહોત્સવ
મંગળવાર, તા. ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૧

**શ્રી ડાઘા મોમાઈ મા મિત્ર મંડળ- વરાડિયા**
૨૯ મી સળંગ પહેડી રવિવાર, તા. ૭ ફેબ્રુઆરી ૨૦૨૧

## ધર્મ સંદેશ - ૧૫૧

રચયિતા : જયકાંત મોતા - તેરા (ઘાટકોપર) મો. : ૯૮૧૯૬ ૨૮૩૮૨




**ઉભી ચાવીઓ :**

૧. એક જ્ઞાન (૪)
૨. પ્રભુ (૨)
૩. મલ્લીનાથનું જન્મ સ્થળ (૩)
૪. આપણું ભરતક્ષેત્ર આ દ્વીપમાં આવેલ છે (૪)
૫. મન અને........ને જીતવાની આરાધના એટલે આયંબલ (૨)
૭. પ્રભુને ચડાવેલ એક પવિત્ર જળ (૩)
૯. દર્શન કરી પ્રભુ સમક્ષ ત્રણ........ અપાય (૨)
૧૨. સ્થનકવાસીઓનું ધર્મ સ્થાનક (૪)
૧૩. જેનામાં ચક્રવતી કરતાં અળધું બળ હોય (૪)
૧૪. ૧૦૮ પાર્શ્વનાથ માંના એક (૩)
૧૫. આ ચીજો બાવીસ છે (૩)
૧૬. મહાવીર સ્વામીની નિર્વાણ ભૂમિ (૪)
૨૧. નવાણુંની....... શત્રુંજય ઉપર કરો (૨)
૨૨. .......... દ્વેષ (૨)
૨૩. આદીનાથના પુત્રો (૧)
૨૪. માસખમણ એટલે કેટલા દિવસના ઉપવાસ (૨)
૨૫. ૧૦૮ પાર્શ્વનાથ માંના એક (૨)
૨૬. વિસ વિહરમાન માંના એક (૨)
૨૭. પૂજા કરતાં તિલક કેટલા અપાય (૨)
૨૮. પ્રદક્ષિણા કેટલી અપાય (૨)
૩૦. આ ભાવ કેળવવો ખૂબજ અગત્યનો (૨)

**આડી ચાવીઓ :**

૧. એકસાથે સૂર્ય ચંદ્ર કયા તીર્થંકરના સમવસરણમાં આવ્યા હતા (૬)
૪. છેલ્લા મોક્ષ એ જનાર (૪)
૬. એક પ્રદક્ષિણા (૨)
૮. ૧૦૮ માંના એક પાર્શ્વનાથ
૧૦. તપના પ્રકાર કેટલા (૧)
૧૧. કયાં પણ પ્રતિમાને જોતા....... કરો (૩)
૧૨. એક તપ (૪)
૧૬. ઘણા તપસ્વીઓ વરસીતપના ...... હસ્તીનાપુરમાં કરે (૩)
૧૭. રાતનું પ્રતિક્રમણ (૩)
૧૮ ૧૦૮ પાર્શ્વનાથ માંના એક (૩)
૧૯. ઘણીવાર અમુક તિથીઓનો ........ હોય છે (૨)
૨૦. આ શ્રાવકનું સામાયિક વખણાય (૩)
૨૪. દેરાસરનું એક ઉપકરણ (૩)
૨૬. દર ...... વર્ષે શ્રવણ બલગોડામાં બાહુબલીનો અભિષેક થાય (૨)
૨૮. માનવ સિવાયના હાલતા ચાલતા જીવો (૨)
૨૯. અરિહંતનો રંગ (૩)
૩૧. ગતિ ....... છે (૨)

---

### વિશેષ નોંધ :

જીવનચક્રમાં પ્રકાશિત થતી લગ્ન-સગપણ, જન્મ-મરણની વિગતોમાં મહિનાની છેલ્લી તારીખ સુધી આવેલી માહિતી તા. ૫ ના અંકમાં તથા ૧૫ તારીખ સુધી આવેલી માહિતી તા. ૨૦ ના અંકમાં પ્રકાશિત થશે જેની નોંધ લેવા ખાસ વિનંતી. **- તંત્રી મંડળ**

**સાડીઓના અનુભવી શાંતીભાઈને મળો...**

પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાકો, બટ કસબ, હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે. તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે. તમારી જુની સાડીઓને ઓલ્ટર કરી આપશું.

**સોનલ આર્ટ** Mob.: 99678 41792

'શિવમ', ડી-૨૦૧, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.

## દરેક સમાજ માટે એક વીચારવા જેવી વિડંબના

પરિવારમાં એક દિકરો અને એક દિકરી હોય તો નાનું કુટુંબ સુખી કુટુંબ લાગે છે. પણ ! ભવિષ્યમાં તેના ગંભીર પરિણામો તરફ આપણું ધ્યાન જ નથી ગયું. માત્ર એક દીકરો કે દીકરી હોય તો...... ?????? આવતા ૨૦ વર્ષોમાં, આપણા ઘર-પરિવારમાં કેટલાક સંબંધો કાયમી માટે સમાપ્ત થઈ જશે. તેની કલ્પના કરતા ધ્રુજારી આવી જાય છે, જેમકે... ભાઈ-ભાભી, ભત્રીજા- ભત્રીજી, દેવર- દેવરાણી, જેઠ-જેઠાણી, કાકા-કાકી, ભાભી-દિયર, મોટા બા- મોટા બાપા, ફઈ-ફૂવા, મામા-મામી, માસી-માસા સહિતના બધા નહીં, તો પણ અમુક સંબંધો આપણા ઘરોમાંથી સમાપ્ત થઈ જશે તેમાં કોઈ શંકા નથી. માત્ર સાડા ત્રણ લોકોના પરિવારો બચશે, હિંમત આપવાવાળો મોટો ભાઈ નહીં, એક ચંચળ તોફાની નાનો ભાઈ નહીં હોય, ના ઘરમાં ભાભી હશે ના નખરાળો નાનો દિયર હશે, લુણ ઉતારવા વાળી છેડા છેડીની ગાંઠ છોડવાવાળી બહેન નહી હોય,જેઠાણી, દેરાણી, નણંદ વિનાની વહુ પણ બાપડી એકલી હશે, તેની સાથે હસવા-વાતો કરવા કે મદદ કરવા કે મજાક ઉડાવવા વાળો દેયર કે નણંદ કોઈ નહી હોય !!!

બીજી વાત, સરકારે ચુંટણીમાં બે બાળકોનો કાયદો લાવી મોટા કુટુંબો છીન્નભીન કરી નાખ્યા, સાથે એકંદરે ફેશનની મૂર્ખતા અને હું અને તું ના મુર્ખપણા અને દેખા દેખીને કારણે મોટા પરિવારોના સમૂહ અંત તરફ જઈ રહ્યા છે !!! જે ખૂબ જ ગંભીર બાબત છે. બે ભાઈઓ સાથેના પરિવારો પણ છેલ્લા તબક્કા પર છે, પૂર્ણ વિરામ તરફ જઈ રહ્યા છે, પહેલાં ચાર ચાર ભાઈઓના મોટા પરિવારો કાચા મકાનોમાં એકસાથે ખુશખુશાલ રહેતા હતા. હવે મોટા બંગલામાં અઢી લોકો રહેવાની ફેશનમાં ઢળી ચૂક્યા છે. થોડા વર્ષો પછી માવતરને વૃધ્ધાશ્રમની ફેશન આવી શકે છે, આવડા મોટા મકાનમાં એકલવાયું ના લાગે હેં ??? આપણે આ દિશામાં સૌ સાથે મળીને પ્રામાણિકપણે વિચારવાનો સમય આવી ગયો છે. મનસ્થ વિચારજો, આ પડકારજનક સદીમાં, આપણા એકલા બાળકને ભાઈઓના ખભા પર હાથ રાખ્યા વિના કઈ જવાબદારી કોણ આપશે અને કોણ તેને હિંમત આપશે ? સાજે માંદે... કોણ કોના ખબર અંતર પુછશે કોણ ????,
તાત્કાલિક દવાખાને લઈ જશે કોણ ?
લગ્ન પ્રસંગે કે તહેવારે કોની સાથે આનંદપ્રમોદ કરશો ??
આ એક મોટી ચિંતાજનક બાબત છે.
એકલા બેસી ચિંતન-મંથન કરશો, સમુહમાં વિચારજો...

થોડા ઘણા પરિવારો બચ્યા છે... ત્યાં પણ નવી પેઢીની છોકરીઓને સમુહ કુટુંબમાં રહેવું નથી. એવી શરતે તો તે લગ્ન માટે હા પાડે છે.... આથી વૃદ્ધાશ્રમો વધતા જાય છે.

થોડા વર્ષો પછી આવી કુટુંબ વ્યવસ્થાની ભયાનકતા જોજો... દુઃખ સિવાય કાંઈ નહીં મળે..

આ લેખ નોટબુકમાં લખી લેજો. અને ૨૦-વર્ષ પછી મોકો મળે તો આ લેખ ત્યારે વાંચજો વંચાવજો અને દરેક સમાજના પરીવારને મોકલજો.,

ભૂલ હોય તો ક્ષમા,

***સંકલન : કુમાર બાબુભાઈ દંડ - તેરા (મુલુંડ)***

**આશાની નદી...**

## આળસ માણસનો સૌથી મોટો શત્રુ



**નિરવ પ્રફુલ દંડ**, ડોંબીવલી
મો.: ૯૮૨૧૬ ૧૭૩૭૭

આળસ એ માણસમાં રહેલાં ખરાબ દુર્ગુણોમાંનો એક છે.ગુજરાતીમાં કહેવત છે. 'નવરો નખોદ વાળે' નવરો માણસ નુકસાન જ કરે. જીવનમાં કશુંક પામવું હોય તો મહેનત કરવા માટે તૈયાર રહેવું પડે. સ્વપ્ના જોઈને સુઈ જવાથી તે સ્વપ્ના સાચા નથી થતાં. સ્વપ્નાઓને સાચા કરવા માટે અથાગ પરિશ્રમ કરવો પડે છે. ઈશ્વરે મનુષ્યને આ જીવન મહેનત કરીને પોતાના સ્વપ્નાઓને સાચા કરવાં આપ્યું છે. પરંતુ આળસુ વ્યક્તિ હંમેશા સમય અને જીવનને બરબાદ કરે છે. જેના કારણે કયારેય તે પોતે જીવનમાં ક્યારેય સફળ નથી થઈ શકતો.અને પોતાની નિષ્ફળતા માટે બીજાને જિમ્મેદાર માને છે. સ્વામી વિવેકાનંદે કીધું હતું કે 'ઉઠો, જાગો અને જયાં સુધી ધ્યેયની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી મંડ્યા રહો.' માણસે પણ પોતાના સ્વપ્નાંને હકિકતમાં બદલવા માટે શ્રમ કરવો જોઈએ.

### વિશેષ નોંધ :

પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **- તંત્રી મંડળ**

જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.

**શ્રી મંજલ રેલડીયા તિર્થ**

શ્રી આદેશ્વરજી જિનાલય ધ્વજારોહણ મહોત્સવ તા. ૨૧-૨૨ મે ૨૦૨૧. (૧) અભિષેક નં. ૧, ૯ અને૧૮ ની ઉછામણી. (૨) વાર્ષિક ચડાવા ૭ ની ઉછામણી (વાસક્ષેપ, અંગલુછણા, પક્ષાલ, કેશર ચંદન, પુષ્પ, ધુપ, દિપક). (૩) ૧૩૯ મી ધ્વજાની ઉછામણી.

**જગતમાં વસતા જૈન જ્ઞાતિબંધુઓ માટે હાઈલી ક્વોલિફાઈડ મેટ્રિમોનિયલ વેબસાઈટ (ધ જૈન મેટ્રિમોની)**

જેમાં સમગ્ર જૈન પરિવારનાં લગ્નોત્સુક યુવક યુવતીઓ પોતાની પ્રોફાઈલ બનાવી શકશે તેમજ પોતાની પસંદગીનાં પાત્રો જાતે જ શોધી શકશે. આ વેબસાઈટ સંપૂર્ણપણે આધુનિક ટેક્નોલોજી અને સિક્યુરિટીને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી છે, જે ડિફોલ્ટ સિક્યુરિટી, ઓનલાઈન ચેટિંગ , અલગ અલગ પેકેજ જેવા અનેક ફીચર્સથી સુસજ્જ છે.

જૈન સમાજ દ્વારા શરૂ થઈ રહેલી આ નવી પ્રવૃત્તિને સોશિયલ મીડિયાનાં માધ્યમથી જ્ઞાતિબંધુઓ સુધી પહોંચાડીએ, જેથી આપણી યુવાપેઢી આવી અમૂલ્ય સેવાઓનાં લાભથી વંચિત ના રહે.

ખાસ નોંધ : આ સેવા જૈન / વણિક જ્ઞાતિબંધુઓ માટે જ રાખવામાં આવેલ છે. વધુ માહિતી માટે નીચે દર્શાવેલી લિંક પર ક્લિક કરો. www.thejainmatrimony.com

Whats App :- 9157302303

**શ્રી અચલગચ્છ જૈન સંઘ યવતમાલમાં જિનાલયમાં ધ્વજા મહોત્સવ નું આયોજન કરાયેલ.**

---

**શ્રી મયુરભાઈ અનિલ નાગડાનું સન્માન**



શ્રી મયુરભાઈ અનિલ નાગડા નલિયા કોઈમ્બતુરનું શ્રી કોઈમ્બતુર ગુજરાતી સમાજ દ્વારા સન્માન કરવામાં આવ્યું.૧૯૮૧ થી બ્લડ ડોનેશન કરનારા શ્રી મયુરભાઈએ ૧૦૪ વાર રક્તદાન કર્યું છે.

**જીવનસંધ્યા ગદગ ખાતે ૭૨ મા પ્રજાસત્તક દિને ધ્વજ વંદન કરવામાં આવ્યું હતું.**

---

**શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ - દલતુંગી**

શ્રી અજિતનાથ દેરાસરની ૧૧૮ મો ધ્વજા મહોત્સવ વિ. સં. ૨૦૭૭ ને વૈશાખ સુદ પાંચમ, તા. ૧૬-૦૫-૨૦૨૧ ને વાર રવિવાર ના તાજેતરની પરિસ્થિતિ અને સરકારી નિયમો અનુસાર ઊજવવામાં આવશે. અઢાર અભિષેક તથા સતરભેદિ પુજાનું આયોજન યોજવામાં આવેલ છે. ધ્વજાના ચડાવાના લાભાર્થી : માતુશ્રી સોનબાઈ શામજી પેથરાજ શિયાલ સહપરિવાર

સાધર્મિક ભક્તિના લાભાર્થી : માતુશ્રી મણિબેન ગોવિંદજી ગાંગજી લાપસિયા સહપરિવાર

**શ્રી પારોલા ક.દ. ઓ. શ્વેતાબંર મૂર્તિપૂજક શ્રીસંઘ**

તા. ૨૪.૧.૨૧ ના પરમ વિદુષી પરમ પૂજ્ય સાધ્વીશ્રી પુણ્યોદયશ્રીજી મ. સા. ના શિષ્યા સરલ સ્વભાવી પરમ પૂજ્ય સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ. સા. આદિ ઠાણા ૪ ની નિશ્રામાં દારણગામનિવાસી મુમુક્ષુ પ્રિયકાંતભાઈ દેઢીયા અને મુમુક્ષુ રંજનબેન દેઢીયા (સજોડે) નું સન્માન શ્રી પારોલા તીર્થના જ્ઞાતિભાઈ બહેનોની હાજરીમાં પ્રમુખ સાહેબ અને ટ્રસ્ટીગણના હસ્તે કરવામાં આવેલ.સોનામાં સુગંધ મળે તેમજ પરમ પૂજ્ય સાધ્વીશ્રી ચૈતગુણાશ્રીજી મ. સા. નો સંયમજીવનના આઠ વર્ષ પુરા કરી નવમાં વર્ષે પ્રવેશ કરતા શ્રી પારોલા સંઘ એમની અનુમોદના કરે છે. મુંબઈ, જલગામ, પાચોરા, અમલનેર અને ગામવાસીઓની સારી સંખ્યામાં હાજરી હતી.

---

સૌ. ધારિણીબેન દિપક પુનશી લોડાયા - જખૌ (મુલુંડ)ની સુપુત્રી ડૉ. (સૌ.) વિરલ દિપ પ્રફુલ લોડાયા BHMS - સાંધવ (મુલુંડ) ના નૂતન દવાખાનાનું ઉદ્‌ઘાટન થયું.



### શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સમાજ વડોદરાના નવા હોદ્દેદારો તથા કારોબારી સભ્યો

(૧) પ્રમુખ : શ્રી  હિરેન્દ્ર કાન્તીલાલ મોતા ( પપ્પી શેઠ)
(૨) મંત્રી : શ્રી નરેન્દ્ર દામજી મોમાયા
(૩) ખજાનચી : શ્રી મુકેશ માણેકજી લોડાયા
(૪) શ્રી ભાવેશ ખિરેન્દ્ર લોડાયા
(૫) શ્રી ચંદ્રેશ પદમશી છેડા
(૬) શ્રી નિશીથ આણંદીલાલ દંડ
(૭) શ્રી રતિલાલ પદમશી પનપારિયા
(૮) શ્રી લીલમ કુંવરજી લાલકા
(૯) શ્રી શાંતિલાલ કલ્યાણજી લોડાયા
(૧૦) શ્રી પ્રિતમ કુંવરજી લાલકા
(૧૧) શ્રી કમલેશભાઈ હિરજી નાગડા
(૧૨) શ્રી કેતન ભારમલ લોડાયા
(૧૩) શ્રી જયભાઈ તારાચંદ ધરમશી
(૧૪) શ્રી રુષભ પદમશી પનપારિયા
(૧૫) શ્રી હિરેન લધુભાઈ મૈશેરી
(૧૬) શ્રી કેવલ નવિન વિકમસી
(૧૭) શ્રીમતી ગુણવંતીબેન ભરત લોડાયા

### શ્રી નવલ સદ્દ્ગુણા નવગ્રહ ધ્યાનાલય ધ્વજા મહોત્સવ

શ્રી અનંત આરોગ્ય નિધી - દેવલાલી મધે શ્રી નવલ સદ્દ્ગુણા નવગ્રહ ધ્યાનાલયની તા. ૩૦-૧-૨૦૨૧ના ૨ જી વાર્ષિક ધ્વજા લગભગ ૨૫૦ જણની હાજરી વચ્ચે રંગે ચંગે ઉજવવામાં આવી. નવકારશીનો લાભ શ્રી અશોક વેરશી મોતા પરીવાર તેમજ સ્વામિવાત્સલ્યનો લાભ શ્રીમતી દમયંતીબેન ચાંપશી માણેકજી લોડાયા પરીવારે લીધેલ હતો.







### રતનવીર નેચર ક્યોર સેન્ટર, બીદડા કચ્છ

આગામી નેચર ક્યોર કેમ્પ - ૫ બીદડા કચ્છ ખાતે તા. ૬ થી ૧૪ માર્ચ ૨૦૨૧ દરમ્યાન યોજાશે. જેમાં વહેલો તે પહેલોના ધોરણે કેડીઓને પ્રવેશ અપાશે.

સંપર્ક : સંદીપ શાહ : ૯૮૬૭૧ ૬૭૩૮૭
રોપિન નાગડા : ૯૩૨૩૪ ૭૫૮૩૭
યશોધન કારાણી : ૯૮૨૧૧ ૩૭૭૩૭

### પુના સખીવૃંદ



૩૦.૧.૨૧ના જીનલબેન દેવેન્દ્ર લોડાયાએ મેક્રમે આર્ટના વિષય ઉપર ગૂગલ મીટ પર મિટીંગ કરી. પ્રજાસત્તાક દિનને અનુલક્ષીને ઘરની સજાવટ ત્રિરંગા રંગોથી કરી હતી. મેક ઈન ઈન્ડિયાને પ્રોત્સાહિત કરતાં કોટન કોર્ડ (ડોરી)નો જ ઉપયોગ કરવો એવો આગ્રહ કર્યો. અને ખૂબજ સરળતાથી તથા વિસ્તારપૂર્વક મેક્રમે આર્ટનું પ્રત્યક્ષીકરણ કર્યું.

ત્યારબાદ સાતત્ય ના તૂટે તેવી પરંપરામાં લતાબેન મોમાયા અને પુષ્પાબેન લોડાયાએ લગ્નની વિધીનો ભાગ આગળ વધારતાં ધૂતિયો, પઢરો, તેલવો, કંઢી પૂજન, ગીત રાસ, પોખવાની વિધી, દિવો, સાથીયા, તિલક અને છાબ ખારેકનું મહત્વ સમજાવી લગ્નના પ્રાસંગિક ગીતોની રજુઆત કરી. કલ્પનાબેન લાપસીયાએ આભાર વિધી કરી.


**Exclusive Embroidery & Upto date Finishing**

જ્યોતિ *Sachi Jari maate real nam*

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 83692 52836 **Sunday Closed**
Online Shopping via WhatsApp available. By appointment only.
Originally at Zaveri Bazar since 1976 Follow us on

### જો બાઈડનની ટીમમાં કચ્છની રીમા શાહ



અમેરિકા (યુ. એસ.) ના નવનિર્વાચિત રાષ્ટ્રપતિ જો બાઈડનની ટીમમાં ૨૦ ભારતીયોને સ્થાન મળ્યું છે. જેમાં સહુથી વધુ તો ૧૩ જેટલી મહિલાઓ છે. એ તેર મહિલાઓમાં કચ્છની રીમા શાહનો સમાવેશ છે.

માંડવી તાલુકાના દુર્ગાપુરની મુળ નિવાસી જૈન પરિવારની રીમા શાહને વ્હાઈટ હાઉસ કાઉન્સીલ કાર્યાલયમાં એસોસિએટ કાઉન્સિલ નિમવામાં આવી છે.

રીમા શાહ હાવર્ડ કોલેજ, કેબ્રિજ યુનિવર્સિટી અને યેલ લો સ્કુલની સ્ટુડન્ટ રહી ચુક્યા છે.

### જી. ટી સ્કુલ ભૂતપૂર્વ વિદ્યાર્થી મિલન

૭૨ મા ગણતંત્ર દિને મુલુંડ વેસ્ટના દેવપુંજ હોલમાં કોઠારાની જી. ટી. સ્કુલના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું મિલન યોજાયું હતું.

ભાઈ નલિન અજાણીએ મંચસ્થ વલ્લભભાઈ ઠક્કર, પ્રતાપભાઈ ઠક્કર, રમેશભાઈ ગોર, અનિલભાઈ ગોર, સમાજ રત્ન સમ્માન વિભૂષિત લાલજી સરના શુભ હસ્તે દિપ પ્રજવલ્લન કરવામાં આવ્યું હતું. સારથી દિનેશભાઈ મૈશરીના હસ્તે સહુનું સ્વાગત કરાયું હતું. જયારે નલિનભાઈ અજાણીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. દિપ પ્રગટાવી સમારંભની શરૂઆત કરી. પ્રારંભમાં દિવંગત સહપાઠીઓ અને ધરતીકંપનો ભોગ બનેલાઓને પણ શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

ભૂતપૂર્વ વિધ્યાર્થીઓએ જી. ટી સ્કુલને ડિગ્રી કોલેજ બનાવવાનો ઈરાદો જાહેર કરાતા સહુએ સહર્ષ વધાવી લીધો.

ગત વર્ષે કોઠારા ખાતે યોજાયેલા સુવર્ણ મહોત્સવની ઝાંખી સ્ક્રીન પર દર્શાવાઈ હતી. કાર્યક્રમના સ્વપ્ન દૃષ્ટા સોમચંદભાઈ લોડાયાએ સંસ્મરણ વાગોળ્યા હતા.

સહુના આદરણીય ગુરુદેવ પ્રભાતસિંહ જાડેજાના પત્રાશિષનું વાંચન કરાયું હતું.

કાર્યક્રમને સફળ બનાવવામાં રાયચંદભાઈ લોડાયા, કિર્તીભાઈ પલણ, અનિલભાઈ મોતા અને લહેરચંદ ભાઈએ મહત્વની ભૂમિકા ભજવી હતી. જયારે સોમચંભાઈની સપત્નીક વરસીતપ આરાધનાની ખુશાલીમાં પરિવાર તરફથી પ્રભાવના કરવામાં આવી હતી. અન્ય ભૂતપૂર્વ સહપાઠીઓના સંપર્ક કરવાની રજુઆત સાથે કાર્યક્રમ પૂર્ણ થયેલો જાહેર કરાયો હતો.

### માનવજયોતના શ્રી પ્રબોધ મુનવરનું સન્માન




પાલારા ખાસ જેલનાં કેદી ભાઈ - બહેનાનાં ઉત્કર્ષ માટે શ્રેષ્ઠ કાર્ય કરનાર માનવજયોતનાં શ્રી પ્રબોધ મુનવરને પાલારા મધ્યે જેલ દ્વારા જેલ અધિક્ષક રાજેન્દ્રસિંહ એ. રાવના વરદ્ હસ્તે સન્માનપત્ર અર્પણ કરી તેમની સેવાઓને બિરદાવવામાં આવી હતી.

પાલારા ખાસ જેલનાં કેદી ભાઈ - બહેનોને કોરોના કાળ દરમ્યાન જીલ્લા આયુર્વેદ શાખાના સહકારથી આયુર્વેદિક ઉકાળો, હોમિયોપેથિક ગોળીઓ વિતરણ તથા માનવજયોત દ્વારા માસ્ક, ધાબળા વિતરણ જેવી પ્રવૃત્તિઓમાં મદદરૂપ બન્યા છે. તેમજ દાતાશ્રીઓનાં સહકારથી પાલારા જેલને પાણીનો બોર, આર. ઓ. પ્લાન્ટ, ગૌશાળા, કોમ્પ્યુટર સેટ, સિવણ મશીન, લાઉડ સ્પીકર સેટ, ગોમૂત્રમાંથી ફિનાઈલ બનાવવાનું મશીન આપવામાં મદદરૂપ બન્યા છે.

પાલારા ખાસ જેલનાં કેદી ભાઈ-બહેનો માટે ધાર્મિક, સામાજીક, રાષ્ટ્રિય કાર્યક્રમો, સંતશ્રીઓનાં પ્રવચનો, કોમી એકતા અનુરૂપ કાર્યક્રમો યોજી કેદી ભાઈ - બહેનોને ઉપયોગી માર્ગદર્શન પૂરૂં પાડ્યું છે.

આ પ્રસંગે સિવિલ સર્જન કશ્યપભાઈ બુચ, ભાડાના પૂર્વ ચેરમેન કીરીટભાઈ સોમપુરા, આર. એસ. એસ. ના સંઘ સંચાલક નવિનભાઈ વ્યાસ, ઝીકડીના સંરપંચ વાલાભાઈ આહિર સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

### મો. સિંધોડીના દિનેશભાઈ મલાડ સંઘના જો. સેક્રેટરી વરાયા.



ક. દ. ઓ. જૈન મહાજન મોટી સિંધોડીના ટ્રસ્ટી દિનેશભાઈ રતનશી મૈશરીની તાજેતરમાં મલાડ અચલ ગચ્છ જૈન સંઘના જોઈન્ટ સેક્રેટરી તરીકે વરણી થઈ છે. ભાઈ દિનેશ મૈશરીની સમસ્ત મહાજનમાં સિંધોડી મહાજનના પ્રતિનિધિત્વ માટે સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરૂં નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **શ્રીમતી કાન્તાબેન ખેતશી નરપાર મુનવર**<br>(PS 5556) ગામ : જખૌ | ફ્લેટ નં. 1, કે.ડી.ઓ. રેસીડન્સી એપાર્ટમેન્ટ,<br>મનોજ પેરેડાઈઝ લે આઉટ, સંસ્કાર સ્કુલની પાસે, કૂસુગુલ રોડ,<br>કેશવાપૂર, હુબલી (KR) 580 023<br>મો. : 089719 61954 |
| **પંકજ હિરજી નાંયાભાઈ માલદે (ડાઘા)**<br>(PS 3605) ગામ : દલતૂંગી | E-901, નવમે માળે, મંગેશી ડેઝલ ૩ કૉ. હા. સો.<br>૯૦ ફીટ રોડ, બાલાજી આંગન પાસે, ઠાકુરલી (ઈસ્ટ)<br>MH 421 201 મો. : 072081 56691 |
| **રમેઈ જેઠાભાઈ ખીંચરાજ નાગડા**<br>(PS 5922) ગામ : નલિયા | 7/1801, બાય લેન, કામાક્ષી મંદિરની સામે,<br>ટાઉન હોલ રોડ, મટન ચેરી,<br>કોચીન (KL) 682 002 મો. : 094477 68740 |
| **રમેઈ ગંગાજર તેજપાર લોડાયા**<br>(PS 5589) ગામ : તેરા | ફ્લેટ નં. 2, KDO રેસીડન્સી એપાર્ટમેન્ટ,<br>મનોજ પેરોડાઈઝ લે-આઉટ, સંસ્કાર સ્કુલ પાસે, કૂસુગલ રોડ,<br>કેશવાપૂર, હુબલી (KR) ૫૮૦૦૨૩<br>મો. : 094483 76684 / 079757 59004 |
| **નરેન્દ્ર ધનજી પદમશી મૈશરી**<br>(PS 4394) ગામ : સિંધોડી નાની | 104, સ્કાય વ્યુ, રિદ્ધિ રેસીડન્સી, ગોલ્ડન પોઈંટ ચોકડી,<br>૫૦૦ ક્વોટર્સ રોડ, GIDC, અંકલેશ્વર, GJ 393 002<br>મો. : 097256 05019 |
| **બંકીમ દામજી મોતીચંદ ધરમશી**<br>(PS 2208) ગામ : ભરૂડીયા | 9/B- 503, કન્નમવર નગર – ૨ , સત્કાર હોલની પાસે,<br>વિક્રોલી (ઈસ્ટ), મુંબઈ - 400 083<br>મો. : 098216 68653 |
| **લલિત નરશી પદમશી લોડાયા**<br>(PS 4104) ગામ : સુથરી | 602, અશોક નગર, બિલ્ડીંગ નં 6 C,<br>દદલાની પાર્ક, બાલ્કુમ, થાણા (વેસ્ટ), MH 400 608<br>મો. : 98208 66508 |
| **પ્રવિણકાન્ત પદમશી ત્રિકમજી મોમાયા**<br>(PS 3195) ગામ : તેરા | A-404, ચોથે માળે, મણીભદ્ર સીલ્વર પાર્ક, A વિંગ,<br>સર્વોદય નગર, મુલુંડ (વેસ્ટ), મુંબઈ – 400 080<br>મો. : 09676 20072 |
| **કાંતીલાલ ધનજી મુલજી લાલકા**<br>(PS 5344) ગામ : વારાયધર | 1-10-335 to 340, ફલેટ નં. 102,<br>વિશાલ રેસીડેન્સી એપાર્ટમેન્ટસ, બ્રાહ્મણ વાડી, બેગમ પેઠ,<br>રેલ્વે સ્ટેશન પાસે, હૈદરાબાદ TG 500 016<br>મો. : 095023 91680 |
| **પ્રજ્ઞેશ ભાગચંદ દામજી જૈન (ધરમશી)**<br>(PS 1918) ગામ : કોઠારા | 1103, અંબે કૃપા, દેવિદયાલ ક્રોસ રોડ,<br>ડી. સી. દાસ માર્ગ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ – 400 080<br>મો. : 98200 69148 |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૧-૧-૨૦ | નાંદેડ | ચોહાન, સ્વીટી વિનય પ્રફુલ નાગડા | તેરા | પુત્ર |
| ૧૩-૧-૨૧ | ઈગતપુરી | જિગીષા, કાજલ કરણ દિનેશ પોલડીયા | ગોએરસમા | પુત્રી |
| ૧૬-૧-૨૧ | ઘાટકોપર | શૈવી, પૂજા રાજ મુકેશ દંડ | લાલા | પુત્રી |

## જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫-૧-૨૧ | વરાડીયા | બ્રીજેશ વિનોદ કરમશી મોમાયા | વરાડીયા | ૨૪ |
| | તેરા | હિતાંશ્રી મહેશ આશારીયા મોતા | જશાપૂર | ૧૭ |
| ૧૫-૧-૨૧ | તેરા | હિતેશ સુરેશ ધનજી લોડાયા | તેરા | ૨૫ |
| | વરાડીયા | ખુશ્બુ વિનોદ કરમશી મોમાયા | વરાડીયા | ૨૬ |
| ૧૫-૧-૨૧ | ગોપાલપુરી | દિપેશ કુલિન દેવજી લોડાયા | આરીખાણા | ૩૦ |
| | પ્રતાપર | મેઘના કુલિન ચાંપસી ગાલા | મંજલ | ૨૫ |
| ૧૭-૧-૨૧ | માટુંગા | નિકુંજ નીતીન વેલજી કુરૂવા | ગોધરા | ૩૨ |
| | હૈદરાબાદ | લિસા ધનેશ કાંતિલાલ લોડાયા | કોઠારા | ૨૮ |
| ૨૪-૧-૨૧ | કાંજુરમાર્ગ | રૂષભ હિરેન સોમચંદ લોડાયા | જખૌ | ૨૬ |
| | કાંજુરમાર્ગ | લબ્ધી ધનપાલ મુલજી મોતા | તેરા | ૨૩ |

## આંતરજ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬-૧-૨૧ | ગાંધીધામ | આદિત્ય જયરાજ લેખરાજમલ ગજરા | હમીરપર | -- |
| | ગાંધીધામ | અદિતી ભૂપેન્દ્ર લાલજી લોડાયા | વારાપધારા | ૨૫ |
| ૧૮-૧-૨૧ | મુલુંડ | ધૈર્ય શૈલેશ જેઠાલાલ નાગડા | વારપધર | ૨૪ |
| | થાણા | હની નિલેશ હસમુખરાય આશર | જુનાગઢ | -- |
| ૨૦-૧-૨૧ | ઘાટકોપર | મયંક રૂપેન અરવિંદ ધુલ્લા | કોઠારા | ૨૫ |
| | વિદ્યાવિહાર | સિમરન વિનોદ પ્રેમચંદ દગડુલાલ લાલવાણી | આગર | -- |
| ૨૧-૧-૨૧ | ચુનાભઠ્ઠી | ધીર હિતેન્દ્ર ભવાનજી ગોશર | બારોઈ | ૨૯ |
| | અંબરનાથ | જિનલ વસંત દામજી ગડા | રાયધણજર | -- |

## આંતરજ્ઞાતિ સગપણ (ભુલ સુધાર)

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧-૧-૨૧ | લંડન | રિતેશ તારા / લલીત વાલજી શાહ (મોતા) | સુથરી (નાસીક) | ૪૦ |
| | લંડન | માર્ટિના જ્યોવાના / માઉરો કિયારી | પરમા (ઈટાલી) | ૩૩ |

## જ્ઞાતિ લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૪-૧૨-૨૦ | કોચીન | અંકિત લલીત રતનશી મોતા | નલિયા | ૩૦ |
| | ડોંબીવલી | નિધી રમેશ ખેતશી શિયાલ | જખૌ | ૨૮ |
| ૩-૧-૨૧ | હૈદરાબાદ | રોમીલ દિલીપ પદમશી મોતા | કૂઆપધર | ૨૯ |
| | મસૂર | રૂચિરા નિતીન રાયચંદ ધરમશી | કોઠારા | ૨૭ |
| ૭-૧-૨૧ | ડોંબીવલી | સાગર નીતિન કુંવરજી મોતા | રાપર | ૩૨ |
| | ડોંબીવલી | અનીતા મણીલાલ પદમશી લોડાયા | કોઠારા | ૩૨ |
| ૧૮-૧-૨૧ | ડોંબીવલી | રાહુલ સુરેશ ગોવિંદજી મોતા | ધ્રુફી | ૨૭ |
| | ડોંબીવલી | નિશીતા જીજ્ઞેશ રાયચંદ દંડ | દલતૂંગી | ૨૪ |

## આંતર જ્ઞાતિ લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૩-૧-૨૧ | કન્ટકી (US) | ભાવિક નિમેશ રસિકલાલ ગાંધી | તળાજા | -- |
| | હૂબલી | ઝીલ કેતન મણીલાલ મૈશેરી | સાંયરા | ૩૨ |
| ૩-૧-૨૧ | ભાંડુપ | ચિંતન કુમારભાઈ બાબુભાઈ દંડ | તેરા | ૨૮ |
| | ભાંડુપ | દિશા અશોક ભવાનજી પટેલ | હડાલા | -- |

| | | | | |
|---|---|---|---|---|
| ૫-૧-૨૧ | ધુલિયા | સુશ્રુત અભય ભાનુદાસ જોશી | નંદાલે | ૨૯ |
| | ધુલિયા | અક્ષતા પંકજ લક્ષ્મીકાંત મોમાયા | સાંયરા | ૨૮ |
| ૬-૧-૨૧ | એરિઝોન (US) | હર્ષ ભાવેશ રજનીકાન્ત ચોવટીયા | રાણપુર | -- |
| | મુલુંડ | એશા હિતેશ લક્ષ્મીચંદ (શાહ) મૈશરી | જખૌ | ૨૭ |
| ૨૭-૧-૨૧ | ઘાટકોપર | માલવ સંગમભાઈ વાડીલાલ વોરા | ભુજ | ૨૬ |
| | ઘાટકોપર | અમીષા ભરત હંસરાજ મોમાયા | સુથરી | ૨૬ |

**મરણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬-૧-૨૧ | કોચીન | કાંતીલાલ ઉમરશી જેવત ખોના | નલિયા | ૮૧ |
| ૧૬-૧-૨૦૧ | માંડવી | પ્રેમીલાબેન ચાંપસી કાનજી મોતા | કોઠારા | ૭૬ |
| ૧૬-૧-૨૧ | જુનાગઢ | તારામતી જેઠાલાલ દેવશી મોમાયા | સાંયરા | ૭૦ |
| ૧૬-૧-૨૧ | ખરગોન મ. પ્ર. | કસ્તૂરબાઈ નવીનચંદ્ર ખીમજી લોડાયા | સુથરી | ૮૭ |
| ૧૭-૧-૨૧ | સિકંદરાબાદ | વિનોદ મણીલાલ વીરજી છેડા | સુજાપૂર | ૭૩ |
| ૧૮-૧-૨૧ | ઘાટકોપર | જિતેન્દ્રકુમાર માણેકજી જેઠાભાઈ મોતા | કોઠારા | ૬૭ |
| ૧૮-૧-૨૧ | કાંજુરમાર્ગ | ચંદનબેન કાંતીલાલ જવેરચંદ ધુલ્લા (દૌલત) | સુથરી | ૮૩ |
| ૨૦-૧-૨૧ | ભરૂચ | રમેશભાઈ મણીલાલ દામજી નાગડા | નલિયા | ૭૪ |
| ૨૧-૧-૨૧ | માધાપર | રેખાબેન હિરાચંદ લીલાધર લાલકા | બાંઢીયા | ૭૮ |
| ૨૧-૧-૨૧ | મસ્જીદ બંદર | ગીતા કપિલ વાઘેલા | | ૬૦ |
| | | (જેતબાઈ લક્ષ્મીચંદ ભાણજી લોડાયાના પુત્રી | | |
| ૨૨-૧-૨૧ | મુલુંડ | હિરાવંતી ખેતશી દેવશી દંડ | કોઠારા | ૮૬ |
| ૨૪-૧-૨૧ | ચાલીસગામ | રમેશચંદ્ર કલ્યાણજી શીવજી લોડાયા | સાંયરા | ૬૦ |
| ૨૫-૧-૨૧ | હૈદરાબાદ | જવેરચંદ માડણ નથુભાઈ દંડ | સુથરી | ૭૮ |
| ૨૫-૧-૨૧ | વડાલા | સોમચંદ પુનશી ગોવિંદજી ધૂલ્લા | દલતૂંગી | ૭૬ |
| ૨૯-૧-૨૧ | વિક્રોલી | નિલેશ ખેતશી દામજી ધૂલ્લા (દૌલત) | સુથરી | ૪૨ |

## કોચીનની સ્કૂલના વિદ્યાર્થીઓ સૂર્ય ઉર્જાથી ગરમ કરેલું પાણી પીશે.

પન્યપલ્લી ગવર્મેન્ટ હાઈસ્કૂલ, કોચિનમાં સૂર્ય ઉર્જાથી ૮૨ ડિગ્રી સેન્ટિગ્રેડ સુધી ગરમ કરેલું, શુદ્ધ અણુવિમુક્ત પાણી, સ્ટીલ ટેન્કમાં ઠંડુ કરી, વિદ્યાર્થીઓના શારીરિક, માનસિક, આરોગ્યના લાભાર્થે, જૈન ફાઉન્ડેશન, મુકેશ માણેકજી લોડાયા, (જૈન) તરફથી (ત્રીજી સ્કૂલને donation) (સોલાર પેનલ સેટ- સો લીટર કેપેસિટી,સો લિટર સ્ટીલ ટેન્ક- પાણીને ઠંડુ કરવા માટે, ૭ ગ્લાસ, ૭ સ્ટીલ બેસીન,૭ સ્ટીલ નળ, પ્લમ્બિંગ) (નો મેન્ટેનન્સ, નો ઈલેક્ટ્રીકસીટી, નો પોલ્યુશન) અંદાજ ૫૦૦ વિદ્યાર્થીઓ માટે સ્થાપિત કરવામાં આવ્યું.

આ સ્થાપિત પ્રોજેકટનું ઉદ્ઘાટન કાઉન્સિલર, ડોક્ટર, પોલીસ ઇન્સ્પેક્ટર, એચ. એમ., ટીચર્સ, PTA અને અન્ય સામાજિક કાર્યકરોની હાજરીમાં, DEO (એરનાકુલમ district education officer)ના હસ્તે કરવામાં આવ્યું. આ પ્રસંગની યાદગીરી રૂપે સ્કૂલમાં એક આંબાનું ઝાડ પણ વાવવામાં આવ્યું. (જેના ફળ ફક્ત પક્ષીઓ માટે)

હાલની નવી એજ્યુકેશન પોલીસી-૨૦૨૦માં સ્કૂલમાં વિદ્યાર્થીઓને પીવાનું 'ક્લીન અને સેફ' પાણી ઉપલબ્ધ કરાવવા માટેનું સૂચન આપવામાં આવેલ છે.

આ બાબતને સરકારના ધ્યાનમાં લાવવા માટે ૨૦૦૬માં (સોલાર વોટર હીટર પદ્ધતિના) ઉકેલ સાથે મુકેશ માણેકજી લોડાયા એ કેસ કરેલ. જેનો ચુકાદો એ વર્ષે જ વિદ્યાર્થીઓના તરફેણમાં આવેલ. હવે ધીરે ધીરે મુકેશ માણેકજી લોડાયા (જૈન)એ આપેલ બધા જ સૂચનોનો સ્વીકાર અને અમલ થઈ રહ્યો છે.

## Today's Youth Intolerant

It has been rightly said and observed that we spend the first half of our lives trying to understand the older generation, and the rest half in understanding the younger generation. Every age has its own charm. Youth has always felt somewhat exasperated with age and age has always been suspicious of youth. A majority of young people are keen to act and learn on their own rather being guided by the experience of elders. The older people being more at home with words rather than action often make noises about the youth being impatient and rude. In every generation, old men are found to shaking their hoary heads and waxing nostalgic about the good old days when youth of their time knew better and showed due reverence to age and all tradition.

Some of the charges brought against modern youth are that they represent a baseless generation without any ideals to live by or cause to live for. On the slightest note they take to streets, indulging in violence. They want to attract attention through unconventional behaviour. They are becoming a generation of drug addicts and have developed negativity to honest hard work, ever on the look out to have something for nothing. It's no longer anxious youth going forth, into a hostile world. Now its hostile youth going forth into an anxious world this is not sure what to expect from it.

If we come to think about it, it is not only the youth which is restless, human society itself is in a state of flux. Growing affluence in developed societies has generated among the youth there a restlessness which pined for instant rewards. The children get all the money they need from parents and seldom face the need to work for a living. In the under developed countries also, young generation are feeling disgruntled because their visions of a happy future are being obliterated either by internal strife or political opportunism. This provokes the youth to protest against rampant corruption in society and the denial of social justice and without proper knowledge.

They are no longer prepared to blindly accept whatever their elders choose to ram down their throats. They are prone to subject to critical review all the social and political values they are called upon to accept. Students form a very important group among the youth of all nations. Their biggest and most legitimate grievance is that what they learn after putting so much time, effort and money has very little relevance to the realities of life with which they come face to face after leaving the university. It is but natural that they should want to have a say in determining what should be taught so that it has some relevance to their future. They would no longer tolerate such norms. They consider themselves quite capable of looking after themselves with better future according to them only.

If we look at youth today in the light of foregoing, it will be apparent that it's not the young alone who are to blame for the state of mind in which we find them. They may well be charged with being ignorance of what

they want. Theirs is a movement of protest against hypocrisy and lack of integrity in their elders. Evidently, this concern for the future and this anxiety to rescue life from hypocrisy is very laudable indeed. But it cannot be said that the young are all the time guided by such high purpose. Dissent is required in fact obligatory when things go wrong. Violence comes natural to youth. The young, supremely sure that the authority against which they are up in arms is unjust and oppressive and feeling cretin of the correctness of their own stand, react emotionally. The intensity of their feelings is such that it fills them with hatred and they turn to violence.

On the whole, being a youth myself, I can see that the younger generation today is much misunderstood and more maligned than it deserves. The world which it is going to inherit will be immensely more exciting than the world of its predecessors ever was or could be. At the same time, life will present to it a much bigger and far more complex challenge. It would not do to condemn it and find fault with it that is easy enough. What is really important is that it is treated with understanding so that it can develop to faculties to reshape the world it is going to inherit in accordance with its noblest vision.



**Prince Vinit Dharamshi, Kothara (Dombivali)**

## Online Study: Curse or Boon

Last few months of 2020 we're so difficult for all. The covid-19 has resulted in schools shut all over the world. Globally over billions of children are out of the classroom. Due to which it resulted in digital learning, e - learning. The teaching was under- taken on digital platforms. It gives relaxation as students no need to travel to schools or colleges they had to sit at a place and have knowledge. Various digital application came to an existence and gave a new rise to digital studying, it resulted in such ways that students work has redecorate. Less use of papers everything related to study is on digital medium. Research suggests that online learning has been shown to increase retention of information and take less time, meaning the changes corona virus have caused might be there to stay. Even before covid-19, there was already high growth and adaptation in education technology or system. Whether it is language apps, virtual tutoring, video conferencing tool or online teaching software has a signs surge in usage since covid-19. Therefore, it resulted in a good source and online learning has an ideal role in many ways, in student life.



**Miral Sachin Dand, Sandhav (Bhandup )**

**ધર્મ સંદેશ – ૧૫૧ના જવાબો :** આડી ચાવીઓ : (૧) મહાવીરસ્વામી (૪) જંબૂસ્વામી (૬) જ્ઞાન (૮) શંખલા (૧૦) બે (૧૧) નમન (૧૨) ઉપવાસ (૧૬) પારણા (૧૭) દેવસી (૧૮) ભટેવા (૧૯) ક્ષય (૨૦) પુણીયા (૨૪) ત્રિગડો (૨૬) બાર (૨૮) ત્રસ (૨૯) સફેદ (૩૧) ચાર (૩૨) લાલા

ઉભી ચાવીઓ : (૧) મતિજ્ઞાન (૨) વીભુ (૩) મીથીલા (૪) જંબુદ્વીપ (૫) સ્વાદ (૭) નમણ (૯) ખમાસણા (૧૨) ઉપાશ્રય (૧૩) વાસુદેવ (૧૪) પોશીના (૧૫) અભક્ષ્ય (૧૬) પાવાપુરી (૨૧) યાત્રા (૨૨) રાગ (૨૩) સો (૨૪) ત્રિસ (૨૫) ડોસલા (૨૬) બાહુ (૨૭) તેર (૨૮) ત્રણ (૩૦) દયા

BEING JAIN

# Let's Do 'Darshan' With Devotion



**- Shilpa Ajani** (B.com, DG, FGA (Lon), FFIG)

King Kumarpal was an ardent devotee of Lord Jineshwar. In his previous birth, he had worshipped the Lord by offering flowers purchased with only 5 coris (the currency of the time). But his spirit of devotion was so intense that he earned great merit (punya) in worship and earned great fame as the ruler of eighteen kingdoms in his next birth. The holy traditions of Aarti and Mangal Divo are supposed to have originated in his time. Even today, King Kumarpal's name is mentioned whenever an aarti is performed in a temple.

Idol-worship is the base camp of the arduous trek leading to self -realisation. 'Devdarshan' or having a holy glimpse of Jineshwar residing in a temple is the first step to cultivating the discipline necessary for such uplifting worship.

Just nurturing a genuine desire for a glimpse of the Divine yields merit (punya) to be earned from the performance of a fast, while the merit of 30 fasts accrues to a devotee just watching a Derasar from distance. The benefic effects of 'Devdarshan' are directly proportional to the purity and sincerity of intention of the devotee. He who considers the idol of Jineshwar as a mere rock derives only rock-worth of benevolence, he who considers the idol as an image of the Lord obtains 'sadgati' or a higher form in his next birth but he who worships the idol thinking it to be the Lord Jineshwar himself, is blessed with total wish fulfilment.

As soon as one sees the dhwaja (flag) of the temple or its shikhar, one should happily say 'Namo Jinänam Jiabhyänam' by bowing one's head with folded hands. One does the same thing as soon as one sees the Jin Murti (idol) in the temple.

While entering the main gate of the temple, one should utter words 'nisihi. It denotes a resolve to refain from worldly activities or thinking or speaking about them. The second time 'nisihi' is to be uttered before entering the inner sanctum (gabhara) as a mark of shunning temple activities, like sweeping the floor, making sandalwood paste. The third time 'nisihl' is to be uttered after worshipping the idol to refrain from any kind of physical acts of worship (dravya puja) before taking up 'Chaitya vandan' in 'Bhavpuja'.

One draws a vertical flame-like 'tilak' on the forehead with sandalwood. What is the secret behind this tilak? Applying sandalwood tilak on point of ajnachakra (which has the highest sensitivity in our body) awakens a special knowledge faculty,

while indicating that the devotee wants to aim towards Moksha. It implies obedience to the commands of Tirthankar for liberation of one's soul. After putting tilak, the devotee says “NamoJinanam” with folded hands.

Ringing the temple bell is another scientific ritual. The bell is made of various metals including cadmium, lead, copper, zinc, nickel, chromium and manganese in a specific proportion. These bells produce a distinct sound that balances the left and right parts of our brains. The ringing of the temple bell clears the devotee's mind and enables him to focus on his worship. It has the capability to nullify all the thoughts in the human mind and make it empty of any kind of stress.

Such worship that elevates the devotee's mind to higher, purer states is characterised by: (a) ever increasing devotion (b) complete attention (c) awe (d) delight and (e) great admiration for Jina's virtues, is true 'amritkriya' because,

**darshanam deva – devasya,**
**darshanam pāpa – nāshanam,**
**darshanam svarga – sopānam,**
**darshanam moksha – sādhanam**

Or

Even the heavenly Gods seek a glimpse of the Tirthankar Bhagavān. Such a glimpse destroys all sins. It is the first step towards attaining heaven and ultimately leads to liberation.

◆ ◆ ◆

Over View

# KDO National Academy of Investment Education. Part-I

**Tilakchand K. Lodaya,** Chennai.
(Former Chief Commissioner of IncomeTax) Mob.: 99406 36646



क्यूं न थोडा सा अलग बने, खुश रहने कि सलाह न देकर, वजह बने।

It was heartening to know that within hours of publishing of my article Piggy bank to Investment Bank in the last issue of Prakash Samiksha, DBKDO Jain EKKAM, Bengaluru came forward to undertake the responsibility of organising this novel online Webinars on the recommonded subjects. I thank the office bearers of Ekkam for converting my idea in to a reality. This jet speed happening is a rare phenomenon at social level.

Now, in consultation with Ekkam's Shri Poonam Dharamshi, Hubli, Shri Satishbhai Shah, Bengaluru and Shri Miteshbhai Lodaya, Bengaluru, the following capsules/modules are proposed to be covered, subject to the feedback of the community members for any addition or alteration. This will help the Ekkam to design a well-structured online Programme covering almost all investment avenues with excellent faculty, mainly from our community, and offer an excellent educational Programme for the benefit of all .

The capsules/ Modules covering varios subjects for online Virtual Gnati Milan on Investment Education.

**INVESTMENTS IN**

1. Agriculture;
2. Real Estate;
3. Bullion;
4. Banking facilities;
5. Stock Markets;
6. Bond Markets;
7. Crypto Currency;
8. Government Schemes;
9. Commodities Markets;
10. In Kutch;
11. Post retirement financial Planning;
12. Investments for life beyond Money;

a. in relationships;
b. in Children;
c. In Youth;
c. in Spiritual self.

May I request our experts in any of the above fields to join as panel members and share their experiences.

Further, to make this pioneering online programme fruitful and successful, Ekkam desires to have the views of the community members on the following issues so that excellent results beneficial to all are derived.

1. Duration of each Webinar;
2. On which days and time to hold them.
3. Its Format - Penal discussion or one or two speakers coming and giving lectures followed by Q/ A.
4. Time interval between one virtual meeting and another, i.e. whether a week or a fortnight;

Your views on the above referred issues and readiness to join as a panel member may please be communicated to
Shri Satishbhai : 98450 49000
Shri Miteshbhai : 98454 08147
Me : 99406 36646.

# શ્રધ્ધાંજલિ





## સ્વ. નવીનચંદ આણંદજી લોડાયા

**(બાંઢીયા – નાશિક)**

જન્મ : તા. ૫/૮/૧૯૩૮   અરિહંત શરણ : તા. ૨/૧/૨૦૨૧

સ્વભાવમાં સૌજન્યતા, વાણીમાં વાત્સલ્યતા, દિલમાં દિલાવરી, મનમાં માનવતા
સતકર્મોમાં સમર્પિતતા, સૌમ્યશીલ સ્વભાવ, સૌ પ્રત્યે આદરભાવ અને
સતકાર્યોમાં સહયોગી બનવાની ભાવના જેવા સદ્‌ગુણોના વડીલોના વરસાને જાળવીને
ગામ-શાસન-સમાજના સતકાર્યોમાં તન-મન-ધનથી સમર્પિત રહેનારા,
કુટુંબપ્રેમી, પરોપકારી, સૌજન્યશીલ સ્વભાવ થકી બહોળો મિત્રવર્તુળ ધરવનારા અને
ક.દ.ઓ. મહારાષ્ટ્ર એકમ, મલકાપૂર ભલારાદાદા દેવસ્થાન સુથરી,
ભલારાદાદા દેવસ્થાન લાલપૂર, નાસિક ટ્રાન્સપોર્ટ અસોસિએશન,
કે.ડી.ઓ. મહાજન બાંઢીયા, કચ્છી લુહાણા મહાજન વાડી નાસિક
અ બધી સંસ્થાંઓમાં પોતાના અમુલ્ય સમય આપી સંસ્થાને માર્ગદર્શન આપતા હતા.
એમની આપેલ બહુમૂલ્ય સેવાઓ કદી વિસરી શકાશે નહી
એમના ચિર વિદાયથી સંસ્થાઓ અત્યંત દુ:ખની લાગણી અનુભવે છે.
પરિવારજનોને એમની વિદાયનું દુ:ખ સહન કરવાની પ્રભુશક્તિ આપે.
એમની આત્માને પરમ શાંતિ આપે એજ અભ્યર્થના.

**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતી મહાજન**
**સેવાભાવી સંસ્થા નાશિક/દેવલાલી**

# કચ્છમાં આટલી સુંદર જગ્યા ક્યાં આવેલી છે તમે જાણો છો ?
# ફોટોગ્રાફર કચ્છી હીરો 'વરુણ સચદે' અમેરિકામાં ચમક્યો

આ જગ્યા વિશે બહુ ઓછા લોકોને માહિતી છે, જોકે, આ સ્થળ અમેરિકાના ન્યૂયોર્ક ટાઈમ્સમાં ચમકી જતા આજકાલ તેની ખૂબ ચર્ચા છે. આ જગ્યા આવેલ છે કચ્છના નખત્રાણાથી ૪૦ કિલોમીટરના અંતરે અને તે ઓળખાય છે કડિયા ધ્રો (કાળિયો ધ્રો) નામથી. આ સુંદર જગ્યા અજાણ અને ગુમનામ રહી છે. ઘણાં ઓછા લોકો તેના વિશે જાણે છે. આ જગ્યા પર વિવિધ ખનીજોને લીધે રંગ બેરંગી ખડકો જોવા મળે છે. જોઈને આશ્ચર્ય થાય કે ખડકો આટલા અલગ અલગ રંગના કેવી રીતે હોઈ શકે ?

જોનારાની આંખોને આ નજારો ઠંડક આપે છે. આ જગ્યા અમેરિકાના ગ્રાન્ડ કેન્યન નેશનલ પાર્કને મળતી આવે છે. માટે પ્રકૃતિપ્રેમી યુવક વરુણ સચદેએ તેની તસ્વીરો લીધી અને અમેરિકાના ન્યૂયોર્ક ટાઈમ્સે તેના ફ્રન્ટ પેજ ઉપર તેને સ્થાન આપ્યું.

અમેરિકાની કોલોરાડો નદીએ સર્જેલા ગ્રાન્ડ કેન્યન તરીકે ઓળખાતાં કોતરોની આ નાની આવૃત્તિ જેવી આ સુંદર જગ્યાની રચના હવાના તેજ થપેડા, કચ્છની કારમી ગરમી અને પાણીના વહેણને કારણે થઈ છે. સ્થાનિક લોકો આ જગ્યા વિશે જાણે છે.

આ સ્થળ પર આવેલા પર્વતને સાત શિખરો છે. અહીંના લોકો તેને મહાભારત પર્વત તરીકે ઓળખે છે. પાંચ પાંડવ, માતા કુંતી અને દ્રૌપદી એમ સાતેયના સાત શિખર. કુદરતની આ રચના જોઈને સવાલ થાય છે કે તેનું શિલ્પી કોણ હશે ?

**– કેશરસિંહ ખોના – જખૌ (ડોંબીવલી)**











મનોકામના પૂરક,વિઘ્નાશક, સમૃદ્ધિદાયક ગુરુપુષ્યામૃત સિદ્ધિયોગના શુભ દિવસે શત્રુંજય તીર્થની છાયામાં, આદિનાથ દાદાના સાનિધ્યમાં, અજોડ શાસનપ્રભાવક, સળંગ ૧૯મા વર્ષીતપના તપસ્વીરત્ન, સૂરિમંત્ર પંચપ્રસ્થાનસાધક પ.પૂ. આ. ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ. સા. આદિ ઠાણાની નિશ્રામાં ગુણોદયપુરમ મધ્યે સિધ્ધચક્ર તથા સર્વ કામના સિદ્ધિદાયક મહાલક્ષ્મી યંત્રપૂજનનો મહાવિધાન સંગીતની સૂરાવલીઓ સાથે ઉત્સાહ સહ ભાવિકોની સારી સંખ્યામાં સંપન્ન થયો.







## દિનેશભાઈ રતિલાલ નાગડા ચોક - નામકરણ સમારોહ

ઘણા વરસો બાદ કેડીઓ જ્ઞાતિ માટે ગૌરવનો અનોખો અવસર નોંધાયો છે. જેમાં માટુંગાના ભંડારકર રોડ તથા ચંદાવરકર રોડના ચોકને નગરસેવિકા નેહલબેન અમર શાહ (ખોના)ના અથાક પ્રયાસોથી જખૌના ચાચાવાલા પરિવારના સમાજસેવક દિનેશભાઈ રતિલાલ નાગડાનું નામ આપવામાં આવ્યું છે. તેઓશ્રીના પ્ર. સ. ના. લેખક અને કવિ ધર્મેન્દ્રભાઈ નાગડાના ભાઈ છે.

નામકરણ અવસર પર મુંબઈના નગરસેવિકા નેહલબેન અમર શાહ (ખોના), શેઠશ્રી હંસકુમાર ભવાનજી અરજણ, વસંત પ્રોસસના વસંતભાઈ વિકમશી, લોપાબેન તથા હિમાંશું નાગડા સહિત સમસ્ત પરિવારજનો તેમજ નવિનભાઈ અજાણી અને હેમાંગ ધરમશી ઉપસ્થિત રહ્યા હતા.

## કેડીઓ કલાસિકની વાર્ષિક સામાન્ય સભા તા. ૧૭.૧.૨૦૨૧





કેડીઓ કલાસિકની વાર્ષિક સામાન્ય સભા તોરણ હોલ, માટુંગામાં તા. ૧૭.૧.૨૦૨૧ ના મળેલ.

વર્ષ ૨૦૨૦ - ૨૨ કાર્યકાળ માટે નવી કમિટીના આ પ્રથમ કાર્યક્રમમાં નવા નિમાયેલા સેક્રેટરી શ્રી પિનાકીન છેડાએ પધારેલ મેમ્બરોને આવકાર આપ્યું.

પ્રમુખ શ્રી જયંત લાપશીયા એ પોતાના પ્રથમ સંબોધનમાં કેડીઓ કલાસીક દ્વારા જ્ઞાતિ માટે મેડિકલ તથા અન્ય સમાજ ઉપયોગી કાર્ય આગળ ધપાવવાનો સંકલ્પ જાહેર કર્યો હતો તથા સંસ્થાના આ સીલ્વર જ્યુબીલી વર્ષને ખુબ જ સારી રીતે ઉજવવા તથા યાદગાર બનાવવાની આશા વ્યક્ત કરી હતી.

ખજાનચી શ્રીમતી જયશ્રી જૈન એ ઓડિટ અહેવાલ રજુ કર્યા હતા તથા આવક જાવકની વિગતવાર માહિતી આપી હતી.

સામાન્ય સભા પછી જાણીતા કલાકાર શ્રી ચેતન ગઢવી તથા જયશ્રીબેન એ સૌરાષ્ટ્રના લોકગીતો રજુ કરેલ.

CDO Prakash Samiksha R.N.I. No. MAHBIL/2020/79181 Date of Publication : 5th & 20th of every month
Postal Reg. No. MCN / 322 / 2021-2023
Posting : 8 / 9 & 23 / 24 of every month Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001




| If undelivered, please return to : | To, |
|---|---|
| **C.D.O. PRAKASH SAMIKSHA**<br>**C/o. Madhu Entertainment & Media Ltd.,**<br>A/704, Remi Bizcourt, Plot No. 9, Shah Indl. Estate,<br>Off Veera Desai Road, Andheri (W), Mumbai-400 053. | |

Printed and Published by **HIRACHAND DAMJI DAND** on behalf of **SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI,** Printed at THE NEW MILLENIUM PRINTERS, 14-A, GROUND FLOOR, SITARAM MILL, PATRA SHED, SITARAM MILL COMPOUND, JACOB CIRCLE, LOWER PAREL, MUMBAI 400 013 and Published from SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI, A/704, REMI BIZCOURT, PLOT NO. 9, SHAH INDL. ESTATE, OFF VEERA DESAI ROAD, ANDHERI (WEST), MUMBAI 400 053. Editor: **HIRACHAND DAMJI DAND**